જયતિ શ્રીવલ્લભાર્યો જયતિ વિટ્ઠલેશ્વરઃ પ્રભુ શ્રીમાન્ ।
પુરુષોત્તમશ્ચ તૈશ્ચ નિર્દિષ્ટા પુષ્ટિપદ્ધતિર્જયતિ ।।

સ્વેષુ પુષ્ટિકરં કારાદૈત્યબુદ્ધિતમસ્કરમ્ ।
નમસ્કરોમિ તં શ્યામં સુન્દરં મત્પ્રિયંકરમ્ ।।

શ્રીવલ્લભમતાભ્યાસે કૃપયા યેન દીક્ષિતઃ ।
દીક્ષિતં તમહં નૌમિ શ્રીતાતચરણં સદા ।।

।। વિવેક ।।

(પ્રવક્તા : ગો. શ્રીશ્યામમનોહરજી, કીશનગઢ-પાર્લા)


।। કૃષ્ણ એવ ગતિર્મમ ।।

Printed Book

Not Published on a regular bases Posted under Post Office guide clause 2.16

પ્રતિ શ્રી, ____________________

____

____

____

____

:: ષોડશગ્રન્થ અધ્યયન કેન્દ્ર સંપર્ક ::

રાજકોટ	પ્રવીણભાઈ ડઢાણીયા	૯૪૨૭૪૯૫૧૫૯/(૦૨૮૧) ૨૨૨૦૦૫૫
જુનાગઢ	ભાવેશભાઈ-હીનાબેન	૯૪૨૮૨૪૨૦૧૪/૨૬૫૧૮૩૬
ગોંડલ	બકુલભાઈ તન્ના	૯૯૯૮૪૭૫૨૨૦
મોરબી	હિતેશભાઈ	૯૮૨૫૮૬૭૨૩૫
હાલોલ	ભાનુબેન ગોર	(૦૨૬૭૬) ૨૨૧૭૪૩
વડોદરા	નરેન્દ્રભાઈ/મુકેશભાઈ	(૦૨૬૫) ૨૩૬૩૦૪૭/૯૨૨૭૧૩૫૭૪૦
આણંદ	ગિરીશભાઈ શાહ	(૦૨૯૨) ૨૫૪૦૪૬
અમદાવાદ	તેજસભાઈ/મિલનભાઈ	૯૪૨૬૩૮૪૪૯૮/૨૬૩૦૦૮૦૮
ભરૂચ	દેવેન્દ્રભાઈ શાહ	૯૪૨૮૧૭૬૩૦૨
સુરત	સુનીલભાઈ/પારૂલબેન	૯૮૨૫૧૪૭૦૬૩/૯૯૯૮૨૨૦૨૧૦
ભુજ	કુસુમબેન સોની	(૦૨૮૩૨) ૨૩૦૪૦૨
આદિપુર	ચમ્પાબેન જોષી	(૦૨૮૩૬) ૨૬૦૦૦૭
મુમ્બઈ	રસિકભાઈ/ધર્મેન્દ્રસિંહ	૯૮૨૦૨૯૫૯૩૨ / ૨૮૦૬૮૬૨૫
જયપુર	કિશોરભાઈ રાઠી	૦૯૩૧૪૫૦૨૯૧૧

પ્રકાશક : **ષોડશગ્રંથ પ્રવચનમાલા સમિતિ, રાજકોટ.**
પ્રકાશન વર્ષ : વિ. સં. ૨૦૬૫=ઈ.સ. ૨૦૦૯. **પ્રત** : ૨,૦૦૦
પ્રકાશન સહયોગ : **માણીબેન વિઠ્ઠલદાસ બાપોદરા, ભાવનગર**
શ્રીવલ્લભદાસ નરશીભાઈ ડઢાણીયા, માણાવદર
:: નિઃશુલ્ક વિતરણાર્થ ::

પ્રાપ્તિસ્થાન :- પુષ્ટિ અસ્મિતા સંવર્ધન કેન્દ્ર
૨૧૪-અમરદીપ કોમ્પલેક્ષ, ૨-રજપૂતપરા, રાજકોટ. મો. ૯૪૨૭૪૯૫૧૫૯/૨૨૨૦૦૫૫

વિવેક

(ગો.શ્રીશ્યામમનોહરજી, પુષ્ટિ પ્રકાશન, કિશનગઢ (રાજસ્થાન) ૧૯૮૫)

।। શ્રીકૃષ્ણાય નમઃ ।।

એમ તો ભારતવર્ષમાં અનેક ધર્મ, સમ્પ્રદાય, માન્યતાઓ તથા અનેક પંથ હંમેશા ચાલતા આવ્યા છે અને ચાલતા રહેશે. આજે જે લોકો કહે છે કે નાસ્તિકતા વધી ગઈ છે તો હું એમની સાથે સહમત નથી, કેમકે આજે જેટલા ભગવાન, જેટલા પંથ દિવસે-દિવસે પ્રકટ થતા દેખાય છે, એ નાસ્તિકતાનાં વધવાનું લક્ષણ નથી - એ નાસ્તિકતાનાં વધવાનું કારણ બનશે કે નહીં - કહી શકાય નહીં. મારા મત પ્રમાણે તો આસ્તિકતા જ વધી છે. હાં, જે કાંઈપણ ઓછું થયું છે તે છે આપણો ધર્મવિવેક અને આપણી ધર્મનિષ્ઠા. આપણે એવો દઢ નિશ્ચય નથી કરી રહ્યા છીએ કે આપણે આપણા ધર્મોને જીવવો છે કે નહીં. માન્યતાના રૂપમાં આપણે કોઈપણ ધર્મને સ્વીકારી પણ લઈએ. પરંતુ આપણા વ્યવહારમાં ધર્મનિષ્ઠા નથી આવતી. આપણે નિર્ણય જ નથી કરી શકતા કે આપણે આપણો ધર્મ કેવી રીતે જીવવો, કદાચ આપણને આપણા આધુનિક વ્યસ્ત જીવનમાંથી નવરાશ જ મળતી નથી. જીવન વધારે વ્યસ્તતામય થઈ ગયું છે - સંભવતઃ મોટા શહેરોમાં.

★ ઉડવાનો પ્રયાસ : ગુરુત્વાકર્ષણનું યુદ્ધ :-

આપણી સ્થિતિ એક ઉડવાની તૈયારી કરતા વિમાન જેવી છે. આપણે ભૌતિકતાનાં આકાશમાં મુકત રીતે ઉડવા માંગીએ છીએ પરંતુ સાથે સાથે ભૂમિ-ભારત ભૂમિ - આપણી સંસ્કૃતિ -આપણી આધિદૈવિક વૃતિઓનું પોતાનું ગુરુત્વાકર્ષણ પણ થોડુંક છે. માનો કે આ ભૂમિ આપણા વિમાનને પોતાની તરફ ખેંચી રહી હોય અને વિમાન પુરી તાકાતથી ઉપર જવા માગતું હોય તે સ્થિતિ નિરાપદ નથી હોતી. વિમાનના મુસાફરોને એવા સમયે સલાહ આપવામાં આવે છે કે ''સીધા બેસો અને પોતાને સીટની પટ્ટીથી બાંધી રાખો'' કેમકે નકિક નથી હોતું કે કયારે અકસ્માત થઈ જાય ! આજ સમસ્યા આપણા મનમાં પણ ચાલી

રહી છે. આપણે ભૌતિકતાનાં આકાશમાં મુકત રીતે ઉડવા માંગીએ છીએ. આપણી ભૂમિ પરથી, પરંતુ કેટલી ઊંચે, કેટલી દૂર ! આપણી ભૂમિ - આપણી સંસ્કૃતિનું કેટલુંક આકર્ષણ તો છે જ.

કેટલાક લોકો સમજે છે કે ધર્મ માત્ર ગતાનુગતિકતા (આગળથી ચાલ્યુ આવતું) છે. એક ભેડચાલ છે. જેટલી પ્રાચીન પરંપરાઓ છે - જેટલા પ્રાચીન રીતરિવાજો છે - કર્મકાંડ છે તેને તોડી નાંખો ! એમાં વિશ્વાસ ન કરો તો ઉપર જઈ પહોંચશો. બધુ જ છોડી દેશો તો ઉપર જઈ પહોંચશો. ''ત્યાગેનૈક અમૃતત્વમાનશુ (!)''

પરંતુ, વાત હંમેશા તેમ જ નથી હોતી. જો કોઇ પરંપરા, કોઈ બન્ધન અથવા કોઈપણ પ્રકારનાં રીત-રિવાજનું ન હોવું જ ભૌતિક વિકાસની એકાકી શર્ત હોત તો મનુષ્યો ઉપરાંત બધુ પશુજગત પણ વિકસિત હોવું જોઈતું હતું. ત્યાં તે મુજબ કોઈપણ બંધન નથી.

★ માત્ર મનુષ્ય જ બુદ્ધિમાન પ્રાણી નથી :-

કેટલાક લોકો કહે છે કે મનુષ્ય બુદ્ધિમાન પ્રાણી છે. મનુષ્ય સિવાયના પ્રાણિઓમાં બુદ્ધિમતા હોતી નથી. એ જ પશુ અને મનુષ્યની વચ્ચેનો ભેદ છે. પરંતુ વધારે સાર આ પ્રભેદમાં પણ નથી. પશુઓમાં પણ પર્યાપ્ત બુદ્ધિ હોય છે. પ્રાણિશાસ્ત્રના અભ્યાસુઓનું કહેવું છે કે ઘણી બાબતોમાં મનુષ્ય સિવાયના પ્રાણી મનુષ્યની તુલનામાં વિકાસના નિમ્નસ્તર પર છે અને ઘણી વાતોમાં સમાન અથવા ઉત્કૃષ્ટ સ્તર પર પણ છે. ઘણી વાર તેમના વ્યવહારમાં મનુષ્યથી વધુ બુદ્ધિમત્તા સંગઠિત હોવાનાં ઉદાહરણ ગણાવી શકાય છે. તમે એક કીડીનું ઉદાહરણ લ્યો - કીડી કેવડી નાની હોય છે - તેના નાના શરીરમાં કેવડું નાનું મગજ અને એ નાના મગજમાં કેટલી ઓછી બુદ્ધિ હોવી જોઈએ, આપણે મનુષ્યની સરખામણીમાં. પરંતુ જેવી વિવેકશકિત, જેવું સંગઠન કીડીઓમાં દેખાય છે તે તેમના મસ્તિસ્કના અનુપાતથી થોડું વધારે જ છે. જો એક ખાંડનો દાણો એક કીડીને મળી જાય તો જેવી વર્તુણુંક અને સહયોગની ભાવના બીજી કીડીઓ સાથે દેખાડે છે, તે વસ્તુતઃ મનુષ્યમાં દેખાતી નથી. એક એવો ખોરાક જે એક કીડીથી ઉપડતો નથી તો તે એકલી જ ખાવા નથી મંડતી. બીજી બધી

કીડીઓને ભેગી કરે છે, અને તે બધી ભેગી મળીને પોતાના દરમાં ખોરાકને લઈ જાય છે. કારણ કે તેમાં સંગઠન છે. તેઓમાં હળીમળીને રહેવાની લલક છે. પોતાની ઉપલબ્ધિને એકબીજામાં વહેંચીને ખાવાની લલક છે. જ્યારે આપણને કંઈક એવું મળી જાય છે તો આપણે તે છુપાવી દઈએ છીએ - ચુપચાપ કોઇ જગ્યાએ સંભાળીને રાખી દઈએ છીએ જેથી બીજાના હાથમાં ન પડી જાય ! આપણે આપણી બધી ઉપલબ્ધિઓની પેટન્ટ કરાવી લઈએ છીએ. હવે બતાવો કે સામાજિક બુદ્ધિ અને વિવેક કીડીમાં વધારે છે એ આપણામાં ? જે સમાજમાં તમે જીવી રહ્યા છો - જે સમાજનાં તમે એક અંગ છો તે સમાજના હિતમાં પણ તમે વ્યકિતગત સ્વાર્થથી ઉપર નથી જઈ શકતા. તમે કેવા વિવેકી છો, કેવા બુદ્ધિમાન છો ? જો તમે મધમાખીની વાત વિચારો તો તે પણ મનુષ્યથી ઘણી બાબતોમાં તેના અનુપાતમાં વધારે બુદ્ધિમાન દેખાય છે. જેવી રીતે મધમાખી પોતાનો મધપુડો બનાવે છે -જેવી રીતે ષટ્કોણાકાર બનાવી તેને ભૂમિતિ મુજબ વ્યવસ્થિત રીતે બનાવે છે તે એક અદ્ભૂત વાત છે. રાણી મધમાખી કેવી રીતે મધપુડામાં શાસન કરે છે. વગેરે બાબતોનું અધ્યયન કરવાથી જાણવા મળે છે કે આ પ્રાણી પણ પર્યાપ્ત બુદ્ધિશાળી છે. એવા એક નહીં - ઘણાં પ્રાણીઓના વિવિધ પાસાઓનું અધ્યયન કરવાથી મનુષ્ય જ માત્ર બુદ્ધિશાળી પ્રાણી છે એવી ભ્રાન્તિ દૂર કરી શકાય છે. મનુષ્ય જરૂર બીજા પ્રાણીઓની સરખામણીમાં વધારે બુદ્ધિશાળી પ્રાણી છે. પરંતુ તેને કારણે બીજા પ્રાણીઓને સાવ બુદ્ધિહીન ન માની શકાય.

★ મનુષ્યની વિશેષતા તાર્કિકતા / સામાજિકતા નથી : ધાર્મિકતા :-

ભારતીય ચિન્તકોએ મનુષ્યની વિશેષતા બુદ્ધિમત્તામાં શોધવાને બદલે ધાર્મિકતામાં શોધવા ઈચ્છયું.

આહારનિંદ્રાભયમૈથુનં ચ સામાન્યમેતત્પશુભિર્નરાણામ્ ।
ધર્મો હિ તેષાં હયધિકો વિશેષઃ ધર્મેણ હીના પશુભિસ્સમાનાઃ ॥

આહાર, નિંદ્રા પોતાનાથી બળવાન હોય તેનાથી ભયભીત થવું અને મૈથુન આ બધા ગુણ મનુષ્ય સિવાયના પ્રાણીઓ તથા મનુષ્યમાં સમાન જ છે, પરંતુ મનુષ્યમાં, ધર્મ એક એવો વધારાનો ગુણ છે જે મનુષ્યેત્તર પ્રાણીઓમાં

નથી જોવા મળતો. આથી જ્યારે મનુષ્યમાં ધર્મભાવ દેખાતો ન હોય ત્યારે એવી વ્યકિતઓને પશુતુલ્ય/પશુસમાન જ સમજવો જોઇએ. ભારતીય ચિંતન મનુષ્યની પરિભાષા - ''મનુષ્ય એક ધાર્મિક પશુ છે'' કહીને કહેવા માગે છે. સામાજિક કે તાર્કિક પશુના રૂપમાં નહીં. જ્યારે આપણે આપણા ધર્મનો ત્યાગ કરીએ છીએ ત્યારે ભારતીય દષ્ટિકોણ અનુસાર ''ધર્મેણ હીનાઃ પશુભિઃ સમાનાઃ'' થઈ જાઈએ છીએ. એટલા માટે જ આપણે ત્યાં આપણી ધાર્મિકતામાં આપણી માનવતા સમાવિષ્ટ છે - સામાજિકતા કે બુદ્ધિમત્તામાં નહીં. બુદ્ધિમાન મનુષ્ય વિનાશના વિજ્ઞાનને ઘણી જલદી શોધી લે છે અને તેવી રીતે અનેક પ્રકારનાં સાધનો પણ મેળવી લે છે - પરંતુ, ધર્મવાન મનુષ્યથી આ નહીં થઈ શકે. બૌદ્ધિક વિકાસનું અંતિમ ધ્યેય પરસ્પર શોષણ, સંઘર્ષ અને વિનાશના સાધનોનો વિકાસ જ હોય તો પશુજગત મનુષ્યથી સાચે જ શ્રેષ્ઠ છે. ''જીવન'' નો અર્થ થાય છે પોતાને વાતાવરણ અનુસાર વાળવું અથવા વાતાવરણને પોતાની અનુરૂપ ઘડવું. મનુષ્યેત્તર પ્રાણિજગત પણ યોગાનુયોગ પોતાને વાતાવરણને અનુરૂપ ઢાળતુ આવ્યું છે. આ અર્થમાં મનુષ્યેત્તર પ્રાણિઓએ પણ કોઈને કોઈ રીતે પોતપોતાને વાતાવરણ ને અનુકુળ બનાવ્યા જ છે. પરંતુ, વાતાવરણને પોતાને અનુકુળ બનાવવાનાં બૌદ્ધિક દંભમાં મનુષ્યે પ્રદુષણ જ ફેલાવ્યું છે - પ્રકૃત્તિ ઉપર વિજય પામવાના ઉન્માદમાં મનુષ્ય પરસ્પર સંઘર્ષ અને વિનાશના સાધનોનાં વિકાસમાં લાગી ગયો છે.

★ ધર્મનો બૌદ્ધિક ઉપયોગ નહીં : બુદ્ધિનો ધાર્મિક ઉપયોગ :-

જે લોકો ધર્મનો ઉપહાસ (મશ્કરી) કરે છે કે વિભિન્ન ધાર્મિક માન્યતાઓ મનુષ્યને અસહિષ્ણુ, અબૌદ્ધિક અને યથાસ્થિતિવાદી બનાવે છે. એમણે હવે આ સમજી લેવું જોઈએ કે અધાર્મિક બૌદ્ધિકતા પણ સામ્યવાદ-મૂડીવાદ, રાષ્ટ્રવાદ-વર્ણવાદનાં નવા ધર્મો ઉત્પન્ન કરે જ છે અને વાત એ જ છે. વાસ્તવમાં ધર્મનો બૌદ્ધિક ઉપયોગ અને બુદ્ધિનો ધાર્મિક ઉપયોગનો અહીં ભેદ છે. ધર્મનો પણ જો બૌદ્ધિક ઉપયોગ આપણે શોધી લઈએ તો અનર્થ પરંપરા ઉભી થઈ શકે છે જે બુદ્ધિના ધાર્મિક ઉપયોગમાં સંભવ નથી.

★ વિજય બાહ્ય પ્રકૃતિ ઉપર નહીં, આંતરિક પ્રકૃતિ ઉપર :-

આધુનિક વિજ્ઞાનના મૂળ પાશ્ચાત્ય સંસ્કૃતિમાં સમાવિષ્ટ છે. આથી ત્યાની વૈજ્ઞાનિક પ્રગતિની મૂળ પ્રેરણા પ્રકૃતિ ઉપર વિજયની કામનામાં સમાવિષ્ટ છે. આ વિજયકામના એક વિશેષ પ્રકારનાં દ્વેષભાવ ઉપર આધારિત છે. પ્રકૃતિ પર જો આપણે વિજય નથી મેળવી શકતા તો પ્રકૃતિ આપણો વિનાશ કરશે. એવી વ્યર્થ ભીતિ, ધૃણા અને દ્વેષની માનસિક જટિલતાવશ અહીં માનવીય બુદ્ધિનો વિનિયોગ વૈજ્ઞાનિક વિકાસમાં કરવામાં આવ્યો છે. આપણે ત્યાં આવો દ્વેષભાવ શિખવવામાં નહોતો આવતો. જીવનનો ત્રણ ચતુર્થાંશ ભાગ બ્રહ્મચર્ય, વાનપ્રસ્થ અને સંન્યાસ - મનુષ્ય પ્રકૃતિની સાથે પ્રકૃતિના ખોળે વનમાં પસાર થતો અને એક ચતુર્થાંશ ગામ અથવા શહેરમાં. આથી સઘળુ વિજ્ઞાન પણ પ્રદૂષક વિજ્ઞાન ન હતું, દરેક ક્ષણ નિરંતર પ્રકૃતિની સાથે તાલમેળ બેસાડવાનું વિજ્ઞાન હતું. આપણી ધાર્મિકતા આપણને બાહ્ય પ્રકૃતિ પર નહીં પરંતુ સ્વભાવ અથવા આન્તરિક પ્રકૃતિ ઉપર વિજય કરવાની પ્રેરણા આપે છે. ''યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ'' કહેવામાં આવે છે - આપણે આપણા સ્વભાવને જીતવાનો છે. પ્રકૃતિ તરફથી પડતા અનુકુળ કે પ્રતિકુળ પ્રભાવોને સહન કરવાની ક્ષમતા પ્રાપ્ત કરવા માટે આપણને પ્રેરિત કરવામાં આવ્યા છે. આ દષ્ટિકોણમાં ન તો પોતાના તરફ અને ન તો બાહ્ય પ્રકૃતિ તરફ તુચ્છતા કે ધૃણાની ભાવના છે.

★ વૈરાગ્ય : પલાયન નહીં આત્મસંયમ :-

એ વાત ઠીક છે કે જ્યારે-જ્યારે વૈરાગ્યવાદી દષ્ટિકોણ આપણે ત્યાં પણ અતિવાદી વૃત્તિથી લેવાણું ત્યારે અતિવાદની તરફેણમાં જગત્‌ને મિથ્યા માની લીધુ અને આજે પણ તેવું જ પ્રતિપાદન કરવામાં આવે છે. જગત્ એક સ્વપ્ન છે - મિથ્યા છે - હેય છે વગેરે વગેરે, આ પલાયનવાદ. પરંતુ કયારેય પણ સર્વમાન્ય નથી થઈ શકયું. વૈરાગ્યનું સ્વરૂપ આપણું પ્રકૃતિ ઉપર ધૃણા-તિરસ્કાર ઉપર આધારિત નથી. પરંતુ, આત્મસંયમ ઉપર આધારિત છે. પૃથ્વી ઉપર મનુષ્યનું આગમન સ્વર્ગથી અધઃપાતના રૂપમાં ચિત્રિત કરવામાં નથી આવતું પરંતુ પૃથ્વી આપણા માટે વિષ્ણુપત્ની છે - માતા છે. ભારતીય ચેતનાને હંમેશા ''માતા ભૂમિઃ પુત્રોહં પૃથિવ્યાઃ'' નો પોતાનો સંબંધ પૃથ્વીની સાથે

માન્યો હતો. વિષ્ણુ જગત્પાલક છે તથા પૃથ્વી વિષ્ણુપત્ની છે. આપણી તે માતા છે અને આપણે તેના પુત્ર છીએ. પૃથ્વી ઉપર આપણું આગમન આપણે સ્વર્ગથી અધઃપાતનાં રૂપમાં નથી સ્વીકારતા. પૃથ્વી તો આપણા માટે ''જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી'' છે. આપણે પૃથ્વીની ધૃણા નથી કરી શકતા. આપણે આપણી માતાથી ધૃણા કેવી રીતે કરી શકીએ ? માતાના ખોળા (ગોદ)ની તુલના સ્વર્ગથી અધઃપાતના રૂપમાં નથી કરી શકાતી. તે તો શિશુ માટે સૌથી વધુ આશ્વસ્ત સ્થળ છે. ન તો આપણે પૃથ્વીથી ધૃણા કરીએ છીએ કે ન તો આપણી પાર્થિવતા સાથે ! આપણે અહીં જ રહેવું છે - આપણે અહીં જીવવું છે. અને આ જીવવું આપણે માટે અસંયત જીવન જીવવા માટે નહીં - આપણે તો સંયત જીવન જીવવું છે. આ સંયત જીવન એવું નથી કે હંમેશા જેમાં આપણે આપણી શકિતઓનું કેવળ દમન જ કરવાનું હોય. આપણે એક એવું સંયત જીવન માંગીએ છીએ કે જેમાં આપણે એક આપણી બધી શકિતઓને ભગવદ્ભિમુખીકરણ કરી શકીએ. ભગવાનની દિશા તરફ તે બધી શકિતઓને પ્રેરિત કરી શકીએ.

જલને નિયંત્રણ (સંયત)માં લેવા માટે જલપ્રવાહ ઉપર બંધ બાંધવામાં આવે છે. બંધ બાંધવાનો અર્થ જલને રોકવાનો નથી. જલનો સ્વભાવ છે વહેવું. બંધ બાંધવાથી તે રોકી નહી શકાય. ત્રાંસુ વહેવાને બદલે ઉપર આવતું જશે અને એક દિવસ છલકાઈ જાશે ! બંધ બાંધવાની સાથે-સાથે એક નહેર પ્રણાલી પણ આપણે બનાવવી પડે છે. બંધની દિવાલ અને નહેર પ્રણાલી એકબીજા સાથે મળીને જલના પ્રવાહના વિરોધમાં માત્ર દિવાલ ઉભી કરવામાં આવે તો તે જલપ્રવાહ દિવાલને ઓળંગી જશે અને ત્યારે દિવાલ પણ પડી શકે છે !

★ સંયમ : દમન નહીં નિયમન :-

સંયમનો અર્થ, આપણા દેહમાં રહેલી જ્ઞાનેન્દ્રિય કે કર્મેન્દ્રિય વગેરે શકિતઓનો સમુચિત નિયત દિશામાં પ્રેરણ છે - માત્ર રૂક્ષ દમન નહીં. રૂક્ષ દમન એક નહેર પ્રણાલી વિના જલપ્રવાહની સામે ઊભી કરેલી દિવાલની જેમ છે. એવી દિવાલનું એક દિવસ પડી જવું જ તેની નિયતી છે. અસંયત જીવન

નિષ્ફળ અને ક્રિયાશકિતનો નિષ્પ્રયોજન વ્યય છે. જેમ ભગવાને ગીતામાં કહ્યું છે - ઈન્દ્રિયાણિ પ્રમાથીતિ હરન્તિ પ્રસભં મનઃ ।

સંયમ વગરની ઈન્દ્રિય અસંયત ઘોડાઓની જેમ છે - જે સવારને ઈચ્છાવિરુદ્ધની દિશામાં પણ લઈ જઈ શકે છે. અસંયત ઈન્દ્રિયોનાં ઘોડા આપણને એવા માર્ગ ઉપર લઈ જઈ શકે છે જ્યાં ગર્ત (ખાડો) હોઈ અને આપણો પાત (પતન) પણ એમાં હોઈ શકે. જ્યાં પતનથી આપણું અંગભંગ થઈ શકે આથી આ ઘોડાઓ ઉપર આપણે સંયમની લગામ જોઈએ અને આ લગામ એટલી ખેંચવામાં ન આવે કે ઘોડા આપણને પાડી દે ! લગામ એટલી ઢીલી પણ ન હોવી જોઈએ કે જેથી ઘોડો પોતાની મનચાહી દીશામાં અથવા આપણી અનચાહી દીશામાંજ આપણને લઈ જાય ! લગામનો અર્થ છે : જે ઘોડા ઉપર આપણે સવારી કરીએ છીએ તેના પર નિયંત્રણ. નિયંત્રણનો અર્થ છે કે જ્યાં આપણે જવું છે, ત્યાં આપણે નિશ્ચિંતતાથી અને જલદીથી પહોંચી શકીએ. સંયમનું સ્વરૂપ જ આ છે. સંયમ ઈન્દ્રિયદમન નથી, પરંતુ ઈન્દ્રિયોનું નિયમન છે. એક નિશ્ચિત નિર્ધારીત દિશામાં ઈન્દ્રિયોનું પ્રેરણ છે.

★ સાચો સંયમ : ભગવદ્‌વિનિયોગ :-

આપણા અંદર રહેલી શકિતઓ અથવા સામર્થ્ય ઉપર ધૃણાભરી દષ્ટિથી એને કચડી નાખવું એ સંયમ નથી, પરંતુ આ સામર્થ્યોનો સદુપયોગ ભગવદ્‌વિનિયોગ જ સાચો સંયમ છે. આપણા ધર્મની મૂળ પ્રેરણા ન તો વૈરાગ્યવાદની છે કે ન તો ભોગવાદની. ઉપનિષદ્, જો કે આપણને પ્રેરણા આપે છે ભગવદ્‌વિનિયોગની.

ઈશાવાસ્યમિહં સર્વં યત્કિઞ્ચ જગત્યાં જગત્ ।
તેન ત્યકતેન ભુઞ્જીથા મા ગૃધઃ કસ્યસ્વિદ્ ધનમ્ ॥

આ બધુ ઈશાવાસ્ય છે - ભગવતક્રીડાસ્થલી છે - બ્રહ્મથી બ્રહ્મમાં બ્રહ્મ દ્વારા અને સ્વયં બ્રહ્મ માટે પ્રકટ થયુ છે. આથી ભગવદ્ ભોગ્ય છે. બંને દષ્ટિકોણ અતિવાદી છે. ભોગવાદી દર્શન અને ત્યાગવાદી દર્શન પણ. અહીં બધુ જ પ્રથમતયા ભગવદ્‌ભોગ્ય છે. જે આપણને આપણો ઉપભોગ જણાય છે. તે મૂળમાં ભગવદ્‌ભુકતપ્રસાદ નો જ ઉપભોગ છે. જગત્ અને જગત્‌ની પ્રત્યેક વસ્તુ

ભગવદ્ભોગ્ય છે. ભગવદ્ઉપભોગના પછી જ આપણને ભગવત્પ્રસાદનાં રૂપમાં કંઈક મળી શકે છે. ભગવાનના ભકતની ભગવત્પ્રસાદમાં હેય બુદ્ધિ નથી થઈ શકતી. ભગવાનનો ભકત ભગવાનનો નૈવેદ્ય ભગવાનને ધર્યા વિના પોતે લેવાની કલ્પના પણ ન કરી શકે. ભગવદ્ભોગ્ય જગત્ને ભગવદ્ભોગ્ય ન માનીને પોતે પોતાના ઉપભોગ માટે માનવું જ ભોગવાદી દષ્ટિકોણ છે. આ જગત્માં આપણે એવી રીતે જીવવું જોઈએ કે આ જગત્ને વ્યર્થ મમતાવશ આપણે આપણી ઉપભોગની વસ્તુ ન માની બેસીએ, મમતાને આથી શાસ્ત્રમાં બંધન માનવામાં આવ્યું છે.

★ અહંતાયુકત બેવડા ભારથી લદાયેલું :-

મમતાનો ત્યાગ કરવાના આ શાસ્ત્રીય ઉપદેશનું સ્વારસ્ય નહીં સમજવાને કારણે કયારેક-કયારેક અહંકારને કારણે આપણી અંદર અતિવૈરાગ્યવાદ જોર પકડી લે છે. આપણે પોતાને પરમાત્મા માનવા લાગી જાઈએ છીએ અને જગતને હેય (મિથ્યા) સમજવા લાગીએ છીએ. બીજી રીતે વાસ્તવિક દષ્ટિથી જોવામાં આવે તો જગત્ ભગવાનનું જ એક આધિભૌતિક રૂપ છે જેને ભગવાને લીલાર્થ ગ્રહણ કરેલું છે. આથી જ શાસ્ત્રમાં મમતાની જેમ જ અહંતાને પણ બંધનરૂપ માનવામાં આવ્યું છે. મમતાથી ઘેરાયેલ વ્યકિત ભોગવાદના વમળમાં ડુબી જાય છે. પરંતુ અહંતાના ભારથી લદાયેલા વ્યકિતને અંતમાં વૈરાગ્યવાદને પણ સહન કરવો પડે છે. શ્રીમહાપ્રભુના શબ્દોમાં આપણે આને ‘‘ભારદ્વૈગુણ્યમન્યથા’’ કહી શકીએ.

★ ખોટી સમજ : જગત્ને મિથ્યા / હેય માનવું (ઊંડી ગેરસમજ) :-

અહંતા પહેલું બન્ધન છે અને મમતા બીજું. જગત્ને મિથ્યા અથવા હેય દેખાડવાવાળું વૈરાગ્યવાદ ભગવદ્ભોગ્ય જગત્ને સ્વોપભોગ્ય માનવાવાળા ભોગવાદથી પણ વધારે ખોટી સમજ છે. પંડિત ઓમકારનાથ ઠાકુરની એક વાત કયારેક સાંભળી હતી. એક વખત બે વ્યકિત તેમની પાસે સંગીત શીખવા ગયા. એમાં એક સંગીતથી સાવ અપરિચિત હતો. અને બીજો થોડુક સંગીત શિક્ષણ બીજા એક શિક્ષક પાસેથી લઈ ચુકયો હતો. પહેલા વ્યકિતની સાથે

ઓમકારનાથજીએ સો રૂપીયામાં નક્કી કર્યુ અને બીજા વ્યકિત સાથે ૧૫૦ રૂપીયામાં. બીજા વ્યકિતએ વાંધો ઉઠાવ્યો કે - ''હું થોડુક જાણું છું આથી આપને થોડો પરિશ્રમ થશે મને સમજાવવામાં. જ્યારે આ તો કાંઈપણ જાણતો નથી. તો પછી મારા પાસેથી વધારે રૂપીયા કેમ ?'' પંડિતજીએ કહ્યું ''તારૂ પહેલા ખોટું શીખેલું સુધારવું પડશે. પછી સંગીત શિક્ષણ શરૂ થશે, જ્યારે એને ફકત સંગીત જ શિખડાવવાનું છે. સુધારવાની માથાકુટ એની સાથે નથી.''

★ વૈરાગ્યવાદી દર્શનના જનક : અહંકારનો પ્રચંડ વિસ્ફોટ :-

ભોગવાદી જે જગત્‌ને સ્વોપભોગ્ય માને છે એને સમગ્ર જાગતિક સૌન્દર્ય ભગવદ્‌ભોગ્ય સમજવામાં મુશ્કેલી નહીં થાય. પરંતુ વૈરાગ્યવાદી જે જગત્‌ને હેય મિથ્યા કે ધૃણિત સમજે છે તે આને ભગવદ્‌ભોગ્ય કેવી રીતે માની શકે ? વધારે સમજવાનો પ્રયત્ન કરવા પર જગતની જેમ જ જગદીશને પણ માયિક માનવા લાગશે ! કહેવામાં પણ આવે છે કે માયારૂપી કામધેનુના બે વાછરા છે - એક જીવ અને બીજો ઈશ્વર. એવા લોકોની સાથે વધારે ચર્ચા ન કરવી જોઈએ નહીંતર તેઓ નિઃસંકોચ ''માયાખ્યાયાઃ કામધેનોર્વત્સૌ જીવેશ્વરૌ મતૌ'' કહેવામાં વાર નહીં લગાડે ! વૈરાગ્યવાદ અંતમાં જગત્‌ની જેમ જ ઈશ્વરની બાબતમાં પણ વિરક્તિના સંદેશમાં જ પરિણમે છે. અહંકારનો પ્રચંડ વિસ્ફોટ વૈરાગ્યવાદી દર્શનનો જનક છે - ''સોઽહં સોઽહં સોઽહમ્ !''.

ભગવદ્ વિનિયોગવાદ સોઽહમ્‌ના આ અન્તિમ અને મૂલ બન્ધનનો છેદ ઉડાડવાવાળા ''દા'' ના યોગથી ''દાસોઽહમ્''ની અનુભૂતિ છે. આથી સઘળુ જાગતિક સૌંદર્ય તેના માટે ભગવત્પ્રસાદ છે એટલા માટે ભાગવત સમજાવે છે -

''ઉચ્છિષ્ટભોજિનો દાસાસ્તવ માયાં જયેમહી'' સઘળા જાગતિક સૌંદર્યમાં ભગવત્પ્રસાદની બુદ્ધિ રાખવાવાળા - પોતાના ઉપભોગ પહેલા બધુ જ ભગવાન્‌ને સમર્પિત કરવાવાળા જ ભગવાન્‌ની આ અહંતા-મમતા ઉત્પન્ન કરવાવાળી માયાને જીતી શકે છે.

★ સમગ્ર જગત્ : ભગવાનનું નાટક :-

આ સમગ્ર જગત એક ભગવત્ક્રીડા છે - આ ભગવત્ક્રીડામાં આપણે

પણ એક પાત્ર છીએ. આ ક્રીડા આપણી સાથે પણ થઈ રહી છે. વિશ્વનાં પ્રત્યેક કણ-કણમાં ભગવત્ક્રીડા ચાલી રહી છે. વિશ્વના પ્રત્યેક પ્રાણી, પ્રત્યેક કણ આ ભગવત્ક્રીડામાં પોત-પોતાનો અભિનય કરી રહ્યા છે. કોઈ મુખ્ય અભિનેતા છે તો કોઈ સહાયક અભિનેતા, નાટકમાં જેમ કોઈ 'એકટર'હોય તો કોઈ ''એકટ્રેસ'' અને કોઈ ''સાઈડ કેરેકટર'' કરવાવાળા ''એકટર'' હોય અને થોડાક ''એકસ્ટ્રા કેરેકટર'' પણ હોય છે. કોઈ નાયક બને છે તો કોઈ ખલનાયક. સૃષ્ટિ એક ક્રીડા છે. આથી ક્રીડાના બધા ઉપાદાન (સામગ્રી) જો આપણે સૃષ્ટિમાં જોઈ શકીએ ત્યારે જ તે બોધ સંપૂર્ણ થશે. સૃષ્ટિનું બધુ જ - શુભ-અશુભ અથવા સુંદર-કુરૂપ અથવા સુખ-દુ:ખ આ ભગવત્ક્રીડાના અંગ છે. નાટકની શરૂઆતમાં જ ખલનાયક છે તે પણ નાટકનો એક ભાગ છે અને મુખ્ય નાયક પણ. આ મંચ ઉપર બન્નેની શોભા છે. ખલનાયકથી નાયકની શોભા વધે છે અને નાયકથી ખલનાયકની પરંતુ બંનેથી શોભા વધે છે નાટકની. બંને મળીને ક્રીડાને ઘડે છે. સૃષ્ટિના મંચ ઉપર જે અનવરત (સતત) ક્રીડા ચાલી રહી છે એના આ વર્તમાન અંકમાં આપણે સહુ અભિનયકર્તા છીએ. આપણો દિગ્દર્શક મંચ ઉપર નથી આવતો - તે તો પરદા પાછળ છે અને આપણને આપણું ચરિત્ર સમજાવીને મંચ ઉપર મોકલી આપે છે. પરંતુ તે બહુ જ કુશળ દિગ્દર્શક છે ! આપણા અભિનયમાં આપણે કોઈ ભૂલ ન કરી બેસીએ, કયાંય કોઈ સંવાદ ન ભૂલી જઈએ, પૂરી તન્મયતાની સાથે આપણે આપણો અભિનય કરી શકીએ, એટલા માટે તે દિગ્દર્શકે અહંતા-મમતાના રૂપમાં આપણી અંદર આત્મવિશ્વાસ ભારોભાર ભરી દીધો છે. કોઈ પાત્ર પોતાનો સંવાદ ભૂલી ન જાય તે માટે વ્યવસ્થા કરવી પડે છે - એક માણસ કેવળ મંચ ઉપરના પાત્રોને જ સંભળાય એવી રીતે ધીરેથી સંવાદ બોલે છે અથવા તેના ઈશારા (હાવભાવ) કરતો રહે છે - અંતર્યામીના રૂપમાં. ભગવાન પણ આપણા અભિનયના અંગભૂત ક્રિયાકલાપો ઉપરાંત સંવાદોની પ્રેરણા આપણને આપતો રહે છે. અંતર્યામીના રૂપમાં ભગવાન પ્રોમ્પટરનું ઉત્તરદાયિત્વ પણ સંભાળે છે.

★ ભગવાન્ : દિગ્દર્શન પણ, અભિનેતા પણ :-

દિગ્દર્શક મંચ ઉપર નથી આવતો. એનો અર્થ ઘણીવાર ખોટો

સમજવામાં આવે છે કે દિગ્દર્શક માત્ર દિગ્દર્શન જ જાણે છે - અભિનય નહિં. પરંતુ આપણા શાસ્ત્ર એની સાક્ષી આપે છે કે તે પરમાત્મા ન કેવલ કુશળ દિગ્દર્શક જ છે તે ઉપરાંત એક કુશળ અભિનેતા પણ છે અને એ રૂપમાં અનેક વખત આપણે તેને સૃષ્ટિના મંચ ઉપર અવતરિત થતા જાણી પણ શકીએ છીએ. જ્યારે દિગ્દર્શક પોતે જ મંચ ઉપર આવી જાય - અવતીર્ણ થઈ જાય તો ક્રીડા અને અભિનયમાં નવો આયામ ઉત્પન્ન થઈ જાય છે ! આથી જ આપણે ભગવાન્‌ના અવતારમાં વિશ્વાસ કરીએ છીએ.

★ મમતાવશ ચોંટો નહીં, અહંકારવશ ત્યાગો નહીં : દિગ્દર્શકની આજ્ઞાનું પાલન :-

ક્રીડાના મુખ્ય કથાસારને ફલશ્રુતિ ઉપર પહોંચાડવા માટે કુશળ અભિનયની આવશ્યકતા છે; નહીં કે મમતાવશ મંચ ઉપર ટકી રહેવાની કે ન તો અહંકારવશ મંચને ત્યાગવાની ! મંચ ઉપર આપણા પ્રવેશ અને આપણી વિદાઈનો નિર્દેશ અથવા સૂચનાનો આધાર દિગ્દર્શક ઉપર છે આથી મમતાજન્ય ભોગવાદ અને અહંતાજન્ય વૈરાગ્યવાદ દિગ્દર્શકની આજ્ઞાની અવહેલના (ઉપેક્ષા) છે. આ કુશળ અભિનય નથી. આ સૃષ્ટિના મંચને સ્વૈચ્છિક ભોગવવી અથવા અહીંથી ભાગવાની વૃત્તિ એક પ્રકારની ક્રીડાના અભિનયમાં આપણી અયોગ્યતાનું પ્રમાણ છે. જરા કલ્પના કરો કે કથા નિર્દેશના અનુસાર પટાક્ષેપ થવાનું હોય અને કોઈ અભિનેતા એ આગ્રહ કરે કે એક-બે સંવાદ વધારે બોલવા દો. ''આ ગયે મહફિલમેં તો અબ ગીત ગાકર હી ઉઠેંગે'' તો કેવું લાગે ? કથામાં આપના અનિર્દિષ્ટ ગીતની તુક કઈ છે ? એનું ઔચિત્ય શું છે ? આ તો સાવ ફૂહડપન (કઢંગી વાત) છે.

★ અભિનેતા ખાલી પાત્ર : દિગ્દર્શકે ચરિત્ર ભર્યું :-

અભિનય કરવાવાળાને પાત્ર સંભવતઃ આ અર્થમાં કહેવામાં આવ્યું હશે કે તેમનું પોતાનું કાંઈ પણ નથી - તે પોતે એક ખાલી પાત્ર છે. દિગ્દર્શક દ્વારા એમનામાં એક વિશિષ્ટ ચરિત્ર અથવા રસભાવ ભરવામાં આવે છે અને એજ એમનું વ્યકિતત્વ છે. પાત્રની યોગ્યતા કે પાત્રતા એમાંજ સમાવિષ્ટ છે કે પોતાના

અંદર ભરેલ આ રસભાવનો તે યથાયોગ્ય નિર્વાહ કરે. પ્રાપ્ત ચરિત્રનો નિર્વાહ અભિનેતાને પાત્ર બનાવે છે. એવી જ રીતે અભિનયકર્તા મંચ ઉપરની ક્રીડામાં સહાયક થાય છે. જે આ મંચ ઉપર ચોટી રહેવા માગે છે અથવા ડરીને ભાગવા માગે છે તે આ ભગવત્ક્રીડાને યોગ્ય પાત્ર નથી. અભિનય કરવાવાળો વ્યકિત મંચ ઉપર અકસ્માત્ પોતે જ નિર્ણય લેવા લાગી જાય કે ''આવી રીતે ચાલી રહેલી ક્રીડાનું અંગ હું શું કામ બનું ?'' તો એને કહેવું પડશે કે ''તુ નાસમજ છે - તારે ગ્રીનરૂમમાં નિર્ણય લેવો જોઈતો હતો - આહાર્ય અભિનય (મેકઅપ)ની પહેલા. તમે તમારો આહાર્ય (મેકઅપ) ધારણ કરીને મંચ ઉપર આવી ગયા અને હવે ડરો છો ? તમે અપાત્ર છો, અયોગ્ય અભિનેતા છો ?''

★ અર્જુનની સમસ્યા : મંચથી પલાયન :-

અર્જુનની બધી સમસ્યા કઈ હતી ? તે મેકઅપ લગાડીને મહાભારતના મેદાનમાં પહોંચી ગયો હતો. બધા અભિનેતા પોત-પોતાના મેકઅપ લગાવીને મંચ ઉપર તૈયાર ઉભા હતા - પરદો ઉપડે છે - અને અકસ્માત્ એક અભિનેતા કહે છે -''મારાથી આ ચરિત્ર નહીં નિભાવી શકાય ! હું યુદ્ધ નહીં કરી શકું !'' તો પછી તમે યોદ્ધાનો મેકઅપ કેમ લગાવ્યો - કેમ તમે શંખ વગાડીને સેનાપંકિતની વચ્ચે તમારો રથ લઈ આવ્યા છો - તમારો આ ગાંડીવ અને કવચ ધારણ કરવાનો અર્થ શું છે - કેમ અહીં આવ્યા છો ? સાક્ષાત્ પરમાત્મા તમારા સારથી બનીને રથ હંકારી રહ્યા છે - તો પછી આ દિશાભ્રમનો અહેસાસ કેમ ? કાલ, કર્મ, સ્વભાવ, પ્રકૃતિ અને પુરુષ બધાનો એકમાત્ર નિયંતા અંતર્યામી જયારે તમારા અભિનય અને સંવાદના ઈશારા તમને કરી રહ્યા છે તો પછી આ સંકોચ, ઉલઝન અને આ અનિર્ણય કેમ ? તમે ઔચિત્ય અને અનૌચિત્યનો વિવેક કરવા માગો છો ! પરંતુ ઉપરછલ્લો વિવેકનો આધાર તમારી તત્ત્વદષ્ટિ નથી. તમે વિવેકની વાત કરો છો, પોતાના ક્ષુદ્ર અહંકાર અને નિઃસાર મમતાના યુદ્ધ (દ્વંદ) ને કારણે ! તમે વિચારી રહ્યા છો - ''યુદ્ધ કરવાથી બંધુજનોના વધનો અપરાધી હું બનીશ - પોતાના અને વિપક્ષોના કુળનાં વિનાશનું કારણ હું બનીશ - હું આવું અધમ કાર્ય નહીં કરું - કેમકે આમાં ન તો મારું કાંઈ પ્રિય થશે કે ન મારું હિત !'' આ હું અને મારાની કડીઓમાં બંધાયેલી તમારી દાર્શનિક દષ્ટિ

કેવળ એક અજ્ઞાનજન્ય મોહને બૌદ્ધિકતા નું મહોરું પહેરાવવાની પ્રક્રિયા છે, અર્જુન ભગવાન્‌ને આ જ મોહવશ કહે છે -''મારો રથ પાછો લઈ લ્યો, હું યુદ્ધ નહીં કરું - પછી ભલે કૌરવ મારો વધ કરી દે !'' મંચ ઉપરથી ભાગવાવાળા અહંકારી વૈરાગ્યવાદને ભગવાન્ અનાવૃત કરે છે, કહે છે - ''તુ કલીબ છો ! આ યુદ્ધના મેદાનમાંથી ભગાડવાવાળી તારી કલીબતાને તારા અહંકાર સાથે કોઈ તાલમેલ નથી. વાસ્તવિક રીતે જોવામાં આવે તો ''હું'' અને ''મારું'' ઉપર આશ્રિત ચિંતનમાં સ્વયમ જ ભોગવાદ અને વૈરાગ્યવાદ બંનેનું અંતદ્વન્દ છે - અસ્પષ્ટ પસંદગી અથવા વિકલ્પમાંથી એક પક્ષની પસંદગી ન કરી શકવાની અક્ષમતા છે. કર્મ કરવું હોય તો મમતારહિત થઇને કરો - કર્મ ત્યાગવું હોય તો અહંતા રહિત થઈને કર્મત્યાગ કરો. મારી ભક્તિના રૂપમાં જ નિષ્કામ કર્મ કરો અને મારી ભક્તિના રૂપમાંજ નિરહંકાર જ્ઞાન-વૈરાગ્ય સંપાદિત કરો. નહિંતર બધુ જ મારી ઉપર છોડી દો ! હું તારો રથ ચલાવી રહ્યો છું. જ્યાં જે દિશામાં લઈ જાઉ ત્યાં ચાલવા માંડો, પરંતુ તું વિચારે છે કે તારા ભાગવાથી કદાચ તારા બંધુ-બાંધવો બચી જશે ? એ તારું અજ્ઞાન છે. પોતાના પ્રત્યેક પાસામાં. આત્મદષ્ટિથી જોવામાં આવે તો ન તો તું મારી શકે છે કે ન તો તેઓ મરી શકે છે. દેહસૃષ્ટિથી જોવા માગતા હોય તો જોઈ શકો છો કે તેઓ મરી ગયા છે ! તું તેમને કેવી રીતે મારશે કે કેવી રીતે બચાવી શકશે ? મહાકાલના રૂપમાં મેં બધાને મારી જ રાખ્યા છે, તારે તો માત્ર તીર ચલાવવાનો અભિનય કરવાનો છે! ''મયાં હતાસ્ત્વં જહિ મા વ્યથિષ્ઠા'' મારા કથા નિર્દેશ (સ્ક્રીપ્ટ)માં મેં જેને મારી દીધા છે - એમના પર તારે તીર ચલાવવાનું છે અને તેજ તારા તીરથી મરી પણ શકશે - બીજાઓ નહીં ! કેમ દુઃખી થાવ છો પોતાની અહંતા-મમતાથી ? તીર ચલાવો ! હાં, તીર ચલાવો અને જોવો કે તેઓ મરવાનો અભિનય કરે છે કે નહીં ! તેઓ પોતાના મૃત્યુનો અભિનય તારું તીર એમને લાગવાની ક્રિયા સાથે સહકાલીક (સીન્ક્રોનાઈઝ) કરવા માગે છે. અને તું વિચારમાં છો કે ઈતિહાસમાં તારી વિશે શું લખવામાં આવશે. તારું એમાં શ્રેય હશે કે નહીં અથવા મરવાનો અભિનય કરવાવાળાને પ્રિય થશે કે નહીં. તમે કેવા અભિનેતા છો ? તમે કેવા પાત્ર છો ? ''નિમિત્તમાત્રં ભવ સવ્યસાચિન્ !'' બસ માત્ર પોતાનું તીર ચલાવી દો - મૃત્યુ તો તેઓની પૂર્વનિર્ધારીત છે. જોઈએ તો વિશ્વરૂપની મારી સ્ક્રીપ્ટ-

કથામાં જોઈ લો તે બધાને બધા મરેલા જ છે ! અને હું દિગ્દર્શક પોતે જ્યારે તમને યુદ્ધના મેદાનમાં લાવવાનો અભિનય કરી રહ્યો છું. તો આશ્વસ્ત થઈને જે દિશામાં રથ વાળું તે દિશામાં પોતાનું તીર કેમ છોડી નથી શકતા ? પોતાનો અભિનય ભૂલી ગયા છો તો હું અંતર્યામી (પ્રોમ્પટર) ઉપર થોડુંક ધ્યાન આપો. હું તમારો રથ હાંકી રહ્યો છું - ''મામનુસ્મર યુદ્ધ ચ''.

★ દિગ્દર્શકના ઈશારા ઉપર ચાલો :-

પોતાના અહંકારથી પેદા થતી દેખાતી ક્રિયાઓ અને પોતાની મમતાને કારણે એ ક્રિયાનાં ફલનો લોભ અથવા ભયમાં સર્વત્ર મને જોવાનો પ્રયત્ન કરો- અભિનય કર્મ તારે કરવાનું છે પણ દિગ્દર્શક પોતે જ્યારે તને (પ્રોમ્પ્ટ) કરી રહ્યો છે - તારો સારથી બનીને રથ હંકારી રહ્યો છે - ત્યારે પોતાની અહંતા-મમતા અથવા રૂચિ-અરૂચિને ભૂલી જાઓ !તમારી મમતાને કારણે ઉત્પન્ન થતી ભોગ કામના છોડી દો ! માત્ર પોતાનું કર્મ કરો - કાંઈ યાદ ન આવતું હોય તો મને યાદ કરો, મને જોવો - મારા ઈશારાને જોવો - મારું અનુસ્મરણ કરો અને યુદ્ધ કરો !

★ દિગ્દર્શકને યાદ કરો :-

તમે પરમાત્માને જ પોતાના સારથીના રૂપમાં ઓળખો, તે તમારા જીવનરથને કયારેય ખોટી દિશામાં નહીં લઈ જાય. તેને જે દિશામાં તમારો રથ લઈ જાવો છે તેજ તમારી સાચી દિશા છે. જો તમને ખોટી દિશા લાગતી હોય તો પણ તમે રથ પાછો નહીં વાળી શકો - ''યદહંકારમાશ્રિત્ય ન યોત્સ્ય ઈતિ મન્યસે મિથ્યૈષ વ્યવસાયસ્તે પ્રકૃતિસ્ત્વાં નિયોક્ષ્યતિ !'' ખોટી દિશા પણ એના રથના માત્ર વાળવાની ક્રિયામાત્રથી સાચી દિશા બની જાશે. પરંતુ તમે ભાગી નહીં શકો. તમે પોતાનો રથ ચલાવી નહીં શકો - તમારા જીવનયંત્ર ઉપર તમે સવાર છો અને યંત્રચાલક તે જ છે - ''ભ્રામયન્ સર્વભૂતાનિ યંત્રારૂઢાનિ માયયા'' - એટલે કે પોતાના જીવન રથના એકમાત્ર સારથી પરમાત્માની શરણમાં આવી જાવ ! ના, તમે નહીં આવી શકો જ્યાં સુધી તે પોતે જ તમને પોતાની શરણમાં ખેંચી ન લે, અને બીજા કોણ એની શરણમાં નથી ? તેમ છતા પણ આ બોધ સર્વસુલભ નથી. તે જેને ગીતા સમજાવે તે જ જાણી શકે છે કે બધુ જ

પરમાત્માની આજ્ઞા અનુસાર થાય છે - ''કરિષ્યે વચનં તવ ! નષ્ટો મોહ સ્મૃતિલબ્ધા ત્વત્પ્રસાદાન્મયાચ્યુત !'' એમનાં સમજાવેલાઓને પોતાની પાત્રતા ફરીવાર એમના સમજાવવા પર યાદ આવે છે. જેને યાદ આવે છે તે જ આ મંચના ખોટા ઉપયોગ (ભોગવવું કે ભાગવું) થી બચી શકે છે. તે જ બરાબર અભિનય કરી શકશે - બધા જ નહીં. આ ત્રુટિ પણ એક ક્રીડાનું એક વિનોદાત્મક અંગ છે. આથી જ અર્જુનને પણ યાદ કરાવવામાં આવ્યું કે ડરો નહીં - ગભરાવ નહીં - દિગ્દર્શકને યાદ કરો - એમની સુચનાઓને યાદ કરો - તમને જે અભિનયનું પાત્ર બનાવેલ છે તેના દ્વારા એની અંતિમ પરિણતિ ઉપર પહુંચવા દો ! પોતાના ચરિત્રને તે સીમા સુધી અભિવ્યક્ત કરવું જોઈએ જે સીમા સુધી આપણી પાત્રતા છે. સીમાથી બહાર ભોગવવાની કામના કે સીમાથી બહાર ભાગવાની કામના આ ક્રીડા-નાટકમાં રસાભાસ ઉત્પન્ન કરે છે. ''તેન ત્યક્તેન ભુઞ્જીથા'' ત્યાગપૂર્વક ભોગનો સિદ્ધાંત અહંકારરહિત ત્યાગ અને મમતારહિત ભોગનો સિદ્ધાંત છે.

★ અહંકારના સિવાય ત્યાગવા માટે છે જ શું ?

જો તમારે કાંઈક ત્યાગવું છે તો તે પરમાનંદરૂપ પરમેશ્વરની સૃષ્ટિમાં તમારા પાસે તમારા અહંકારના સિવાય ત્યાગવા જેવું કાંઈ નથી - આ અહંકારનો ત્યાગ કરી દો કે તમે કંઈક ત્યાગ કરી શકો છો. આ સમગ્ર બ્રહ્માંડ તે બ્રહ્મએ પોતાની ક્રીડા માટે રચેલું છે આથી અહીં તમારા ભોગ માટે કંઇ છે જ નહીં. તો ત્યાગ કઈ વસ્તુનો કરશો - સિવાય કે તમારા અહંકારનો ?

જો તમારે કંઈક ભોગવવું છે તો અહીં ઈશાવાસ્ય જગત્‌માં ભગવદ્‌ભોગનાં પ્રસાદનાં ઉપભોગની સિવાય બીજું કંઈ છે જ નહીં. જે દેખાય છે તે કેવળ મિથ્યા મમતાનો મોહ છે.

★ હકીકતમાં ન કાંઈ ભોગ્ય છે, ન ત્યાજ્ય છે :-

વાસ્તવિક્તયા તમારે માટે આ સૃષ્ટિમાં ન કાંઈ ભોગ્ય છે અને ન કાંઈ ત્યાજ્ય. સઘળી ભોગ અને ત્યાગની ભાવના મિથ્યા મમતા અને અહંતા ઉપર અવલમ્બિત છે. ભગવાનની ક્રીડામાં તમે ''મૈં'' અને ''મેરા'' ઘડી લીધું છે.

પરંતુ છે બધું એનું. એના ભોગને માટે નિર્મિત બધી સામગ્રી તમને માત્ર પ્રસાદના રૂપમાં મળી શકે છે. આ ભગવત્પ્રસાદ, પરંતુ, ભોગવાદી, મમતામયી વૃત્તિઓનાં દ્વારા પ્રાપ્ત નહીં થાય. પોતાની મમતાને ભુલાવીને ભગવદ્ભોગ્ય પ્રત્યેક સુન્દર શ્રેષ્ઠ અને શુભનો ભગવાનને સમર્પણ કરો તો તેજ ભગવત્પ્રસાદના રૂપમાં પાછું તમને મળી શકે છે. આ ત્યાગપૂર્વક ભોગ અથવા ભગવદ્-વિનિયોગનો સિદ્ધાંત છે. આમાં જીવન પ્રત્યેનો આપણા દૃષ્ટિકોણનું સંતુલન (બેલેન્સ) દેખાય છે. નહીંતર માત્ર ત્યાગ કે માત્ર ભોગ એક જ સિક્કાની બે બાજુ છે. જે માત્ર ત્યાગ કરવા માગે છે તે નર્યા અહંકાર વિના શક્ય નથી. આ ભગવત્ક્રીડાને ત્યાગી ઘૃણાસ્પદ સમજે છે અને આથી પોતાના અદાન્ત અહંકારને અનુરૂપ તે વિરત થઈને આ ક્રીડાથી પલાયન થવા માંગે છે. પરંતુ ભગવાન કહે છે – ''યદહંકારમાશ્રિત્ય ન યોત્સ્ય ઈતિ મન્યસે મિથ્યૈપ વ્યવસાયસ્તે''. જે અહંકારને વશીભૂત થઈને તમે પોતાના કર્તવ્યથી વિરત થવા માગો છો, તે તમારી ધારણા જ મિથ્યા છે. જ્યારે તમે પોતાના ''હું'' ને સમગ્ર જગત્થી અલગ અને શ્રેષ્ઠ સમજવા લાગો છો તો જગત્થી ભાગવા માગો છો – જ્યારે સમગ્ર જગત્ને પોતાના આ ''હું'' થી જોડીને ''મારું'' માની લો છો તો પોતે જ ભોગવવા માગો છો. ભગવાન કહે છે – ''તમે જગત્ને પોતાની મમતાના કારણે પૂર્ણ રીતે ભોગવી શકો. મમતાને વશીભૂત થઈ જેટલું ભોગવવા માગશો, તમારી ભુખ વધતી જશે. એ અસ્વાભાવિક તીવ્રતા સુધી વધી જાશે કે જેટલું ભોગવશો એટલું ઓછું લાગશે – તમારો ભોગ જ અંતમાં તમને ભોગવવા લાગશે. ''ન જાતુઃ કામ કામાનામુપભોગેન શામ્યતિ હવિષા કૃષ્ણવર્ત્મેવ ભૂય એવાભિવર્ધતે''. જેટલું પણ ઘી આગમાં નાંખો આગ બૂઝાશે નહીં, પરંતુ વધુમાં વધુ વધતી જાય છે. મમતાપૂર્વક વિષયભોગ પણ કયારેય સંતોષપ્રદ નહીં હોય. મમતાને વધારેને વધારે વધારતો જાશે સાથે અસંતોષ અને કુણ્ઠાને પણ.

★ અહંતા -મમતાનો પણ ભગવદ્વિનિયોગ :-

શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુ આ અનર્થકારી અહંકાર અને મમતાને પણ ત્યાગવાના પક્ષમાં નથી. કેમકે તે પણ અંતમાં આ ક્રીડાના દિગ્દર્શક દ્વારા આપણામાં ક્રીડાના યોગ્ય અભિનય કરાવવા માટે આપણામાં ભરેલો

આત્મવિશ્વાસ છે. તે સમજે છે કે જો તે મોહ છે તો શું થયું - છે તો ભગવાનના આપેલ ઉપહાર એને ફેંકવાની ધૃષ્ટતાનું કાંઇ પણ ઔચિત્ય નથી. શ્રીમહાપ્રભુજી કહે છે આ અહંતા અને મમતાનો આપણે થોડોક ભગવાનના વિષે ઉપયોગ શોધવા જોઈએ - એમનો પણ ભગવદ્ વિનિયોગ જ માણસની શ્રેષ્ઠતમ ઉપલબ્ધિ છે. ''વ્યર્થત્યાગાપેક્ષયા ભગવતિ સમર્પણમુત્તમમ્'' વ્યર્થ ત્યાગની અપેક્ષાએ ભગવાન્‌ને સમર્પિત કરવું એક ઉત્તમ વાત છે. આંખ જે ભગવાને જોવા માટે આપી છે તેને ફોડવાથી કોઈ લાભ નહીં થાય. આંખોને ફોડવાથી આંખો દ્વારા ઉત્પન્ન કરેલ સપના સમાપ્ત ન થઈ જાય. આ સમસ્યાનું સમાધાન નથી પરંતુ સમસ્યાને ટાળવાની વાત થઈ.

★ આંખો ન ફોડો, ન બંધ કરો : દૃશ્યચયન કરો :-

મેં કયારેક એક સુરદાસજીને પૂછી જ લીધું કે એમને સ્વપ્ન આવે છે કે નહીં - મને એક હાસ્યાસ્પદ ભ્રમ હતો કે આંખવાળાને જ સપના આવતા હશે. એમણે કહ્યું કે એમને પણ આવે છે. સંભવતઃ તીવ્ર જ આવતા હશે, કેમકે ન જોઈ શકવાની કુણ્ઠાનું પણ મન સમાધાન માગે છે. આંખોથી ન જોઈ શકવાની ન્યૂનતાનું અથવા એવી અસંતુષ્ટ વાસનાનું સમાધાન મન વધારે ઊંડા સપનોમાં જઈને શોધતું હશે. તેને તો ફક્ત સ્વપ્નથી સંતુષ્ટ થવાનું છે.

આંખ ફોડવાથી કામ નહીં ચાલે તમારે જોવું પડશે - જોવું પડશે અને જોવું જ પડશે ! આથી જુઓ, પરંતુ વિવેકપૂર્વક દૃશ્યની પસંદગી કરીને. ન તો બંધ કરવાથી કામ ચાલશે અને ન તો ફોડવાથી. આંખોના જોવાના સામર્થ્યને વ્યર્થ વ્યય કરવાથી પણ મોટી ઉંમરે દષ્ટિ સામર્થ્ય ક્ષીણ જ હશે. તમે માત્ર જોતા-જોતા જ અંધ ન થઈ જાઓ ! કોલેજમાં વધારે અભ્યાસુ વિદ્યાર્થીનું ચિત્ર ચશ્મા પહેરેલ જ આપણા માનસ પર ઉભરે છે. જેટલું વધારે જોવા માગશો એટલી જ જલદીથી આંખોના નંબર વધતા જશે. જોવામાં જરૂર છે આથી દૃશ્યચયનની.

★ શુદ્ધાદ્વૈત : રંગની વિવિધતામાં અદ્વૈત રેખાની પસંદગી :-

શ્રુતિ કહે છે કે જગત્‌માં જોવા જશો સુખ-દુઃખ, રાગ-દ્વેષ કે શોક-મોહના અનેક પ્રકારના દ્વૈતોથી ઘટિત દૃશ્ય સામે આવશે. ગભરાવાની, પરંતુ કોઈ

જરૂર નથી. ''તત્ર કો મોહ કઃ શોકઃ એકત્વમનુપશ્યતઃ'' - સુખ-દુઃખ કે શોક-મોહના બધા રંગો અનેકપ્રકારના છે - તો પણ કોઈ એક રેખાથી ઘેરાયેલા છે. આ વિભિન્ન રંગોના દ્વૈતમાં જો એ અદ્વૈત રેખાનું દર્શન થઈ જાય. - દ્વૈતનું અનુદર્શન અદ્વૈતમાં રૂપાંતર થઈ જાય. અનેકતાનો અનુવાદ કોઈ એક અર્થ કે શબ્દમાં થઈ જાય. અનેકતાનો અનુવાદ કોઈ એક અર્થ કે શબ્દમાં થઈ જાય તો તમારું જોવું સાર્થક જોવું માનવામાં આવશે. હવે તમે સુખ-દુઃખના દ્વૈતનો અનુવાદ એક પરમાનંદ અદ્વૈતના રૂપમાં કરી શકશો. આને શ્રીમહાપ્રભુ શુદ્ધાદ્વૈત કહે છે. આપણી બધી જ શોધ આ શુદ્ધાદ્વૈતના વિશે હોવી જોઈએ. જો આપણે આપણા દૃશ્યની પસંદગી કરવી હોય તો. જગત્‌ની અનેકરૂપતામાં આપણે એ એકતાની શોધ કરવી છે. જેમાં કે જેના પર આ અનેકરૂપતા અવલંબિત છે. બધાજ પક્ષી આખો દિવસ અહીં-તહીં ભટકતા-ઉડતા રહે છે. પરંતુ સાંજ પડતા પહેલા પોત-પોતાન માળાની તરફ તે વૃક્ષની તરફ પાછા ફરવા લાગે છે. જ્યાં એમનું ''નિશાન્ત'' છે. જ્યાં રાત્રિનાં અંધકારમાં પણ તેમને નિર્ભય વિશ્રામ છે. તે બધા એકનીડ (એકાશ્રયી) થઈ જાય છે.

★ શુદ્ધાદ્વૈતનું નીડ (આશ્રય) શોધો :-

આપણે પણ આપણા શુદ્ધાદ્વૈતના આ એક નીડ (માળો)ને શોધવો જોઈએ જ્યાં આખો દિવસની રાગ-દ્વેષ કે સુખ-દુઃખની દ્વૈતવાળી ઉડાન પછી આપણે નિર્ભય પરમાનંદ વિશ્રામ લઈ શકીએ. ઉડવાની અહીં મનાઈ નથી - ઉડો- ખૂબ ઉડો - એટલું ઉડો કે થાકીને ચૂર થઈ જાઓ - આપણી આત્મા પણ હજારો વર્ષોથી વિષયાનંદના આકાશમાં ઉન્મુક્ત અનેક દિશાઓનાં દ્વૈતમાં ઉડાન કરતી ચાલી આવે છે. દિશાઓના દ્વૈતમાં, પરંતુ આપણે આપણી નીડ - આપણું વૃક્ષ - આપણું શુદ્ધાદ્વૈત ભુલવાનું નથી. ઉડવાથી થાકી ગયા છો ? તો આવો પાછા ફરીએ. અંધારૂ થયા પહેલાં. એ શુદ્ધાદ્વૈત પરમાત્માની તરફ જે આપણો માળો છે. જે આપણો નિશાન્ત આશ્રય છે. સંસ્કૃત ભાષામાં ઘરનું જ નામ ''નિશાન્ત'' પણ છે. દિવસ કયાંય પણ વિત્યો હોય, કોઈ વાંધો નહીં - અંધિયારી રાતની પહેલા આપણે ઘરે પહોંચી જવું જોઈએ - રાત તે જ ઘરમાં વિતાવવી પડશે. આથી ઘર ''નિશાન્ત'' કહેવાય છે.

આખો દિવસ તમે ઉડો-જરૂર ઉડો- પરંતુ સઘળી ઉડાન પછી સાંજે પોતાના માળા (નીડ) પહોંચવું પડશે. પ્રત્યેક જીવમાં રહેલી ચર્ષણી - યત્ર, તત્ર, સર્વત્ર આપણને બધા વિષયો તરફ ઉડાડી લઈ જવાનું સામર્થ્ય પણ કોઈ શરદ્ ઋતુની રાત્રિમાં આપણા નિશાન્ત શ્રીકૃષ્ણ સુધી આપણને લઈ જાય ત્યારેજ સંતોષ થાય છે. સંભવતઃ (બનવાજોગ) બધી દિશાઓમાં ઉડયા વિના- પરિશ્રાન્ત થયા વિના પોતાના ઘર નિતાન્ત પહુંચવાના સુખની સંપૂર્ણ મધુરતા પણ આપણને અનુભૂત નહીં થાય.

★ વિષયાનંદની ઉડાન પછી ભજનાનન્દમાં વિશ્રામ :

તમારા જીવનમાં જે પણ દ્વૈત છે. હું અને તું નાં, રાગ અને દ્વૈષના કે સુખ અને દુઃખના, તેમની વિવિધ દિશાઓમાં ઉડાન કરીને જ્યારે તમે થાકી જાવ તો તમને એક નીડ (માળો) - એક નિશાન્ત જોઈએ વિશ્રામ માટે. તે વિશ્રામ તમને શ્રીકૃષ્ણના પરમાનન્દમાં - ભજનાનંદમાં અર્થાત્ શ્રીકૃષ્ણ સાથે આ બધા દ્વૈતોની એક શુદ્ધાદ્વૈતમાં એક નીડ (માળો) કરી નહીં શકો તો તમે થાકની અંધારી રાત્રિમાં પણ ઉડતા રહેશો. તમારી વૃત્તિઓ વિશ્રામ માગે છે - વિષયાનન્દની દ્વૈતવાદી ઉડાન પછી ભજનાનન્દના શુદ્ધાદ્વૈતમાં વિશ્રામ માંગે છે. આથી, તમે પાછા નહીં ફરો તો થાકેલા એવા અંધારી રાતમાં ઉડવું પડશે ! પરમાત્માના શુદ્ધાદ્વૈતની અનુભૂતિનો પરમાનન્દ મળશે નહીં તો વિષયાનન્દનાં માત્ર દ્વૈતનો જ શોક-મોહ તમારા જીવનની નિયતિ બની જશે. અંધારી રાતમાં ઉડતા રહેવાનો મતલબ થશે દિવસે સૂઈ જવું ! જે પોતાની આંખોને અંધકારથી અભ્યસ્ત કરી લે છે તેમની આંખો દિવસના પ્રકાશને સહન નથી કરી શકતી. તેમને દિવસે દેખાવું બંધ થઈ જશે !

એક ઘણી મજેદાર વાત તમને કહું. આપણે ત્યાં ઘૂવડને આપણે મૂર્ખ સમજીએ છીએ. આપણે ભારતીયોની દષ્ટિમાં ઘૂવડ મૂર્ખ છે કેમકે તે દિવસના પ્રકાશમાં જોઇ નથી શકતો, પરંતુ, યુનાની દષ્ટિમાં ઘૂવડ એક દાર્શનિક પક્ષી છે. કેમકે તે રાત્રિના અંધકારમાં પણ જોઈ શકે છે, જ્યારે કોઈ બીજું જોઈ શકતું ન હોય ! હવે કહો કે તે દાર્શનિક છે કે મૂર્ખ ! આપણે ઘૂવડને *''યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી''* નથી માનતા કેમકે એના જાગરણમાં સંયમ નથી. પરંતુ

દિવસે જાગી ન શકવાનું અસામર્થ્ય ઉપરાંત ભૂખનો હેતુ છે. એકલો ભુખ્યો ઘૂવડ રાત્રે પોતાનો શિકાર શોધીને ખાતો રહે છે. તે જાગરુક છે પરંતુ સંયમી નથી. ભોગેચ્છા એને જાગવા માટે વિવશ કરે છે. આ એકાકી ભોગનાં ઉપભોગનું ઉદાહરણ માની શકાય છે. આ *''સહ નાવવતુ સહ નૌ ભુનક્તુ સહ વીર્યં કરવાવહૈ''* નું ઉદાહરણ નથી જ્યારે તમે બીજા સાથે જોઈ નથી શકતા, બીજા સાથે ચાલી નથી શકતા, બીજા સાથે ભોગોને ભોગવી નથી શકતા તો તમારા ભોગ - તમારું સુખ - તમારો મોક્ષ પણ તમારી એકાકિતા - તમને કેવલાદ્વૈતની જેલનો અભિશાપ છે.

જીવાત્માનો કેવલાદ્વૈત એને એકાકિતાનો અભિશાપ છે પરંતુ પરમાત્માના શુદ્ધાદ્વૈતની હકીકતમાં એકની અનેક રૂપોને ધારણ કરી નિરન્તર ચાલવાવાળી એક ઉત્તમ સુંદર ઉપરાંત સુખદ લીલા છે. સઘળું જગત્ તે પરમાનન્દરૂપ પરમાત્મા શ્રીકૃષ્ણની એક ક્રીડા છે.

★ રમણેચ્છા : આપ્તકામનો સ્વભાવ :

શ્રુતિ કહે છે *''સ વૈ નૈવ રેમે તસ્માદેકાકી ન રમતે સ દ્વિતીયમૈચ્છત્''* કેવલાદ્વૈતની સ્થિતિ પરમાત્માને માટે પણ રમણ-આનન્દકારી ન હતી ત્યારે જીવાત્માને એકાકી થવા પર કેવલાદ્વૈતમાં કેવી રીતે વાસ્તવિક સુખ મળી શકશે? આથી શ્રુતિ કહે છે *''સ દ્વિતીયમૈચ્છત્''* પરમાત્મા એકલા રહેવા ઈચ્છતા તો આ સૃષ્ટિનું સર્જન જ ન થયું હોત. સૃષ્ટિના સર્જનનો ઉદ્દેશ કંઇ પણ નથી. લોકો ચિંતા કરે છે કે પરમાત્માથી સૃષ્ટિનું સર્જન થવાનો હેતુ શો છે ? સૃષ્ટિ શું કામ સર્જાય છે ? શું બ્રહ્મમાં કોઈ ન્યૂનતા હતી જે સૃષ્ટિ પ્રકટ થવાથી દૂર થઈ ? જો આ સત્ય હોય તો બ્રહ્મ બ્રહ્મ નહીં રહે. પરિપૂર્ણતા જ બ્રહ્મ છે. તો પછી સૃષ્ટિનું પ્રયોજન શું ? જવાબ મળે છે *''દેવસ્યૈષ સ્વભાવોયં હ્યાપ્તકામસ્ય કા સ્પૃહા''.*

સૃષ્ટિકર્તામાં કોઈપણ પ્રકારની ખામી સ્વીકારવાથી તે બ્રહ્મ નહીં રહે. ત્યારે તેને પરમાત્મા આપ્તકામ પૂર્ણકામ માનવામાં મુશ્કેલી થશે. જો તે પૂર્ણકામ છે તો સૃષ્ટિ રચવાના ચક્કરમાં કેમ પડે છે ? ઈચ્છા વગર - પ્રયોજન વગર કોઈ કાર્ય કરવું એને આપણે વિવેકહીનતાની નિશાની માનીએ છીએ.

''પ્રયોજનમનુદ્દિશ્ય ન મન્દોપિ પ્રવર્તતે.'' પ્રયોજન વગર તો પાગલ પણ કોઈ કામ કરતો નથી. એટલે કે, પાગલના પણ પાગલપણાનું કંઈક પ્રયોજન તો હોય જ છે. આપણે સમજી ન શકતા હોઈએ પરંતુ તેમના પોતાના પ્રયોજન તો હોય જ છે. ત્યારે પરમાત્માનું પ્રયોજન શોધો કે તેમણે આ સૃષ્ટિ કેમ બનાવી ? શું સમસ્ત બ્રહ્માન્ડ એક નિષ્પ્રયોજન પ્રક્રિયા છે ? બ્રહ્માન્ડ જો પરમેશ્વરની નિષ્પ્રયોજન રચના (કૃતિ) હોય તો પરમેશ્વરને બુદ્ધિમાન ન માની શકાય.

★ ક્રીડા : લીલા : પ્રયોજનરહિત કૃતિ :

ઉપનિષદ્‌માં, પરંતુ, આપણને સમાધાન મળે છે કે આ સમસ્ત સૃષ્ટિ એક - શુદ્ધાદ્વૈત પરમાત્માનું વિવિધ રૂપોમાં રમણ છે. પરમાત્માનાં એકત્વમાં - એક થવામાં નિર્ભયતા છે. કેમકે દ્વૈત જ સઘળા ભયોનું મૂળ છે. તત્ત્વની દષ્ટિથી જોઈએ તો સૃષ્ટિની પહેલાં, સૃષ્ટિના સમયે અને પ્રલય પછી પણ પરમાત્મા **એકમેવાદ્વિતીય** છે પરંતુ અનેક રૂપ ધારણ કર્યા વિના રમણ કે ક્રીડા સંભવ નથી - અને રમણ એ પરમાત્માનો સ્વભાવ છે. આથી બહારનાં કોઈપણ પ્રયોજન વગર માત્ર પોતાના ક્રીડાના સ્વભાવને અનુરૂપ જ પરમાત્મા અનેક રૂપ ધારણ કરે છે. એક જ તત્ત્વ અનેક રૂપોને ધારણ કરે છે, પોતાનામાં કોઈ ન્યૂનતા કે બાહ્ય પ્રયોજનને વશીભૂત થઈને નહીં. પરંતુ પોતાના સ્વભાવને અનુરૂપ જ. ક્રીડા એનો સ્વભાવ છે. પ્રયોજનરહિત કૃતિને જ લીલા અથવા ક્રીડા કહેવામાં આવે છે. આથી ક્રીડામાં કોઇ બાહ્ય પ્રયોજન નથી હોતું - ક્રીડા પોતે જ એક પ્રયોજન છે અથવા ક્રીડાકર્તાનો સ્વભાવ. *''ક્રીડાર્થમાત્મન ઈદં ત્રિજત્કૃતં તે'' ''ક્રીડાભાણ્ડમિદં વિશ્વમ્''* પરમાત્માએ ત્રણે જગત્ પોતાની ક્રીડા માટે બનાવ્યા છે. આથી આ વિશ્વ એક ક્રીડાભાણ્ડ (ક્રીડાસ્થળ) છે. આથી સૃષ્ટિનું પ્રયોજન શોધવું એ પ્રયોજનનું પ્રયોજન શોધવા બરાબર છે ! ક્રીડાનું પ્રયોજન શોધવું પ્રયોજનનું પ્રયોજન શોધવા બરાબર થશે. પ્રયોજનનું પ્રયોજન - તેનું પ્રયોજન અને પછી તે પ્રયોજનનાં પ્રયોજનનાં પ્રયોજનનું પ્રયોજન ! આ વૈચારિક અનવસ્થા છે.

★ જીવન : ભગવત્ક્રીડા :

જેમ કોઈ પૂછે, ''ખાવાનું કેમ ખાવ છો ?'' તો આપણે જવાબ આપશું ભૂખ લાગે છે એટલે. જો તે પાછો પૂછે કે ભૂખ કેમ લાગે છે તો આપણે કહીશું કે પોતાના નિર્વાહને માટે પોષક તત્ત્વની જરૂર છે. જો તો પણ કોઈ વ્યક્તિ પૂછે કે શરીરનો નિર્વાહ શું કામ કરવા માગો છો તો આપણે ચોક્કસ ઉત્તર આપી શકીશું કે જીવવું છે માટે. પરંતુ આગળ વધીને પ્રશ્નકર્તા એ પૂછી બેસે કે જીવવું શું કામ છે તો જે પણ ઉત્તર આપે તે કાં તો જીવનની પ્રક્રિયાનું જ કોઈ અંગ હશે અથવા પાછા તમે સીધું એ જ કહેવા માંગશો કે જીવવું છે કેમકે જીવવું છે – જીવન પોતે જ એક પ્રયોજન છે. બીજા બધા પ્રયોજન જીવનનાં જ અંગભૂત છે – જીવન એક ક્રીડા છે. જીવન ચોક્કસ ભગવત્ક્રીડા જ છે.

★ જીવન : પોતેજ એક પ્રયોજન

કદાચ કોઈ તર્ક કરે કે કોઈ વિશેષ પ્રયોજન અથવા લક્ષ્યને પ્રાપ્ત કરવાવાળા માટે જીવન સાધન પણ હોઈ શકે છે. એક ક્રાન્તિકારીનું જીવન એક સાધન છે અને લક્ષ્ય તેનું હોય છે ક્રાંતિ. ક્રાંતિને માટે એવો વ્યક્તિ જીવન બલિદાન કરી શકે છે. પરંતુ ક્રાન્તિ હોય કે પરિવારના પેટ ભરવાની ભ્રાન્તિ, છે બધુ જ જીવનની વિવિધ પ્રણાલીઓ. તમારું જીવન તમારા 'અહ્મ'થી જોડાયેલું છે. તમારો અહમ્ તમારી વર્તમાનતામાં જ સીમિત નથી હોતો. તમારા ભૂત અને તમારા ભવિષ્ય પર પણ તમારો અહમ્ છવાયેલો રહે છે. તમારો પોતાનો અહમ્ જ્યારે તમારા પરિવાર સાથે જોડાય જાય છે તો તમે જેવી રીતે વ્યક્તિશઃ જીવન જીવો છો, એવી જ રીતે તમારો પરિવાર પણ તમારા જીવનનું જ અંગ બની જાય છે. તમારા અહમ્નો આ ફેલાવો છે. ક્રાન્તિકારીનું જીવન પણ ક્રાન્તિકારીના અહમ્ના સંપૂર્ણ સમાજ કે વિશ્વમાં એક ફેલાવો છે. તે પોતાનું જીવન જ સમાજ કે વિશ્વના જીવનમાં શોધે છે. ભવિષ્યના સુખ માટે વર્તમાનનાં કષ્ટ (દુઃખો) તમે સહર્ષ સહન કરી જાવ છો, એવી જ રીતે એક ક્રાન્તિકારી પણ પોતાના અહમ્ના વિસ્તારના અનુરૂપ પોતાના વ્યક્તિગત જીવનની ઉપેક્ષા કરે છે. પરંતુ ક્રાન્તિ પણ છેલ્લે તો છે કોઈક જીવનપ્રણાલીનું અંગ જ. અને જીવન જ અંતે તો પ્રયોજન બને છે. સ્વયમ્ જીવનથી અલગ

કોઈ પ્રયોજન સંભવ નથી. જીવન આથી જ જીવન એક ક્રીડા છે. તે પોતે જ પોતામાં એક પ્રયોજન છે. સમગ્ર બ્રહ્માન્ડ પણ બ્રહ્મની એક ક્રીડા છે - બ્રહ્માન્ડના નિર્માણ પ્રયોજન પાલન કે પ્રલય દ્વારા બ્રહ્મને ન તો કાંઈ પ્રાપ્ત થયું, ન થઈ રહ્યું છે, અને ન તો થશે. બ્રહ્મ પોતાના લીલાસ્વભાવને અનુરૂપ આ બ્રહ્માન્ડનું નિર્માણ, પાલન અને પ્રલય કરે છે. આજ તો એની ક્રીડા છે. ક્રીડા પોતે જ પ્રયોજન કે સ્વભાવ હોઈ શકે છે. પરંતુ ક્રીડાના પ્રયોજનની શોધ ક્રીડામાં રસાભાસ ઉત્પન્ન કરે છે. અને આપણે પોતાનું પ્રયોજન તો સરખી રીતે શોધી નથી શકતા અને બ્રહ્માન્ડના પ્રયોજનની ખોજમાં ભટકતા રહીએ છીએ. આ માનવીય બુદ્ધિનો ચમત્કાર છે !

જેમ ઉંદરોને પકડવા માટે ઉંદરીયામાં કંઈક ખોરાક રાખવામાં આવે છે - જેમ સરકસમાં ખેલ દેખાડવા માટે પશુઓને એમનો ખોરાક દેખાડવામાં આવે છે. તેવી જ રીતે આ ક્રિડાસ્થળમાં બુદ્ધિમાન માનવ પશુમાં પ્રયોજનનો બોધ રાખી દેવામાં આવ્યો છે. આ પ્રયોજન બોધવશ આપણે પણ અનેક કરતબ (ખેલ) દેખાડીએ છીએ, ક્રીડા ચાલતી રહે છે. પ્રયોજનવશ કાર્ય કરવાની વૃત્તિ આપણા બૌદ્ધિક અહમ્‌નો જ એક બીજો ભાગ છે. આ અહમ્ જ આપણા અભિનયમાં આપણને આત્મવિશ્વાસ પ્રદાન કરે છે અને આત્મવિસ્મૃતિ પણ ! જેમ કઠપૂતલીના ખેલમાં દરેક પૂતળીનાં અંગોથી બંધાયેલ દોરી હોય છે. આ વધુ સૂક્ષ્મ અને ચારે બાજુના વાતાવરણમાં અદશ્ય થઈજવાવાળા હોય છે. આપણી અહંતા અને મમતા અથવા આપણી બુદ્ધિમાં રહેલા ઈચ્છા સ્વાતંત્ર્ય ઉપરાંત સપ્રયોજનતાનો બોધ કંઈક એવી જ દોરીઓ છે. પરમાત્મા આ દોરીઓને પોતાની આંગળીઓથી બાંધીને જે અભિનય, જે કર્મ, કે જે સંવાદ આપણાથી ઈચ્છે છે તે કરાવી લે છે. બોલાવી લે છે. પ્રયોજન બોધ ઉપરાંત અહમ્-બોધની દોરીઓથી આપણા હાથ-પગ બંધાયેલા છે. જેવી રીતે તે ખેંચવામાં આવે છે - આપણે નાચવા લાગીએ છીએ. આપણા હાથ-પગ હાલવા-ચાલવા લાગેછે, તે જ આપણને નચાવે છે - તે જ આપણને ચલાવે છે પરંતુ આપણે સચેતન હોવાને કારણે અહંકાર કરી બેસીએ છીએ કે આપણે ચાલી રહ્યા છીએ ! આપણી ચેતનામાં આપણને અહમ્‌નો બોધ થાય છે. આપણા વિવિધ પ્રયોજનોનો બોધ થાય છે. બોધ, પરંતુ આપણને એ નથી

થતું કે આપણને બાંધવાવાળા - બંધનકારી - દોરીઓને જ આપણે આપણી મૌલિક સ્વતંત્રતાનું ચિહ્ન સમજી લીધું છે.

★ લીલા નિષ્પ્રયોજન તો પછી પોતાનું પ્રયોજન શું કામ શોધીએ ?

હકીકતમાં બધું જ ભગવાનની લીલાને આધીન થઈ રહ્યું છે - આપણા પ્રયોજનવશ નહીં. મૂળમાં જ જ્યારે પ્રયોજન નથી તો તૂલમાં (અન્તમાં) પ્રયોજન કયાંથી આવી ગયું ? એક એવા અવકાશયાનની કલ્પના કરો જે અનન્ત શૂન્ય આકાશમાં માત્ર ઉડી રહ્યું છે - એને કયાંય પહોંચવાનું નથી - કયાંય જવાનું નથી - માત્ર ચાલવાનું જ છે તો તેનું ગન્તવ્ય (લક્ષ્ય) શું હશે ? યાનનું પોતાનું કોઈ લક્ષ્ય ન હોય પણ તેમાં બેઠેલા યાત્રિઓ પોતાના કંઈક ગન્તવ્ય માની લે તો તે કયાં પહુંચશે ! જ્યારે યાનનું જ કાંઇ લક્ષ્ય ન હોય તો સવારનું લક્ષ્ય શું હોઈ શકે છે ? વ્યક્તિનું એવા યાનમાં સવાર થવું એક અકસ્માત હોય કે નિયતિ હોય - બુદ્ધિમતા હોય કે મૂર્ખતા - કાંઈપણ તમે માનો. ઉદ્દેશ વિના યાનમાં સવાર થવું જ વ્યક્તિના બધા વ્યક્તિગત પ્રયોજનોને ખોટા ઠરાવે છે. જે બ્રહ્માન્ડમાં આપણે સવાર છીએ તેનું પણ કાંઈ પ્રયોજન છે જ નહીં. તે પણ એક નિષ્પ્રયોજન લીલા છે. એવી લીલામાં અકસ્માત મનુષ્ય એ વિચારવા લાગે કે મારું આ પ્રયોજન છે - મારે આ કરવાનું છે - ત્યાં પહુંચવાનું છે - આ પ્રયોજનોને પૂર્ણ કરવાની કામના અને તેમના અધુરા રહેવાથી - તેમાં વિધ્ન કરવાવાળા પર - પ્રકટ થતી આપણી રોષભાવનાને ભગવાન્ ગીતામાં આપણા ચિત્તની ચંચળતા માને છે - આપણી પરમ શત્રુ માને છે *''કામ એષ ક્રોધ એષ રજોગુણ સમુદ્ભવઃ મહાશનો મહાપાપ્મા વિદ્ધયેનમિહ વૈરિણમ્.''*

★ સૃષ્ટિ : પોતે જ એક પ્રયોજન

ભગવાનની સ્વયંમ્ની લીલામાં આપણા પોતાના પ્રયોજનોની પૂર્તિ કે અપૂર્તિને માટે આપણો કામ કે ક્રોધથી અભિભૂત હોવું જ આપણી પોતાની સાથે વર્તાતી એક (બરતી જાતી) દુશ્મની છે. લીલાની ફ્રેમમાં પ્રયોજનના ચિત્ર તો પણ નહીં થઈ શકે. લીલાનું કાંઈ પ્રયોજન નથી હોતું આથી આપણા ઘડવાથી

પણ નહીં બની શકે. સમગ્ર સૃષ્ટિનું પણ એથી જ પ્રયોજન તમે ઘડી નહી શકો. સૃષ્ટિ પોતે જ એક પ્રયોજન છે. તે પરમાનંદરૂપ પરમેશ્વરનો સ્વભાવ જ ક્રીડા છે. આથી આપણે આ સૃષ્ટિમાં એ જ ક્રીડામાં આપણે માત્ર દશ્ય કે અંક છીએ. જેમ આપણે પરમાત્માના અંશ છીએ તેવી જ રીતે આપણા અનુભવમાં આવતી તમામ ઘટનાઓ એ મહાક્રીડાનું અંગ છે. આપણા બધા ક્રિયાકલાપ એ પરમાત્માની ઈચ્છાથી, નિર્દેશથી નિયંત્રિત થઈ રહ્યા છે. જે કંઈ થઈ રહ્યું છે - જે કાંઈ કરવું છે કે નથી કરવું - સર્વત્ર ભગવદ્ઈચ્છા જ એકમાત્ર કારણ છે, તે ઈચ્છા છે. એક પરમાત્માના અનેક રૂપ ધારણ કરીને ક્રીડા કરવાની ઈચ્છા. આથી પ્રત્યેક પાત્રનો અભિનય એક એક એકમ છે. તેમનો કુલ યોગ ક્રીડાને અંતિમ બિન્દુ પર લઈ જશે. આપણામાંથી એ કોઈને પણ વિચારવાનું નથી કે નાટકનું ચરમબિન્દુ મારી પર નિર્ભર કરે છે. તે જોવાનું મારું કામ નથી. મારું કામ છે માત્ર મને આપવામાં આવેલ અભિનયને પૂર્ણતાથી નિભાવવું. ચરમબિન્દુ આપમેળે આવી જશે. *''કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન. મા કર્મફલહેતુર્ભૂર્મા તે સંગોસ્ત્વકર્મણિ.''* તમારું કામ છે કર્મ કરવાનું. કર્મફલનો વિચાર તમારું કામ નથી અને ન તો અકર્મણ્યતા તમારે અપનાવવી જોઈએ.

★ કર્મ એ જ ફલ :

પરમાત્મા પોતાનું કર્મ કરી રહ્યો છે તમે તમારું કર્મ કરો. ત્યારે તમને ખબર પડશે કે તમારું કર્મ જ તમારું ફલ હતું. જે ઘટના બની રહી છે તે જ પોતે જ પ્રયોજન હતી. કોઇપણ ઘટનાના એ સ્વયમ્ ઘટનાથી અલગ કોઈ પ્રયોજન સંભવ નથી. કેમકે, પ્રત્યેક ઘટના એ પરમાત્માની ક્રીડાની જ આંશિક અભિવ્યક્તિ છે.

પ્રત્યેક ઘટનાનું ભલિભાઁતિ બનવું - પ્રત્યેક કર્મનું આપણા દ્વારા નિષ્કામ સમ્પન્ન થઈ જવું જ પૂર્ણ અભિનય છે. *''કર્મણ્યેવાધિકારસ્તે.''* તે જ કર્મ સાધન પણ છે અને એ જ કર્મ સાધ્ય કે ફલ પણ છે. જેમ એક ખેડૂત ખેતી કરે છે, અનાજ ઉગાડે છે તો બી વાવવા પડે છે. જે બી વાવવામાં આવે છે તે જ અંકુરિત થઈને - પાકીને બીજીવાર બી બની જાય છે - ચક્ર ચાલ્યે રાખે છે. નવું કાંઈ પણ પ્રાપ્ત નથી થતું. બીજ વાવીએ છીએ અને બીજ જ બીજીવાર

પ્રાપ્ત કરીએ છીએ. જે આપણને પ્રાપ્ત છે તે જ પ્રાપ્ત થતું રહે છે - નવું કંઈપણ નહીં. તેમ છતા પ્રત્યેક ઉપલબ્ધિનો નવો ઉત્સાહ અને નવી પ્રેરણા છે. અભિનયની શ્રેષ્ઠતા, પરંતુ, ત્યારે માની જાશો કે કંઈક પ્રાપ્ત ન થવા છતાં પણ તે જ ઉત્સાહ - તે જ પ્રેરણા બની રહે !

★ ન ભોગવાદ, ન વૈરાગ્યવાદ : પ્રસાદવાદ

અભિનય કરતા રહો ! પોતાનો વિવેક ગુમાવશો નહીં કે આપણે કંઈક આપણા માટે કરી રહ્યા છીએ. આપણે તો આપણા દિગ્દર્શકના નિર્દેશ અનુસાર કરી રહ્યા છીએ - *''મામનુસ્મર યુદ્ધ ચ.''* મારું સ્મરણ રાખો અને યુદ્ધ કરો જો સંઘર્ષનું દશ્ય ચાલી રહ્યું છે. જો દશ્ય સુખમય ચાલી રહ્યું હોય તો રમણના અભિનયમાં પણ પરમેશ્વરને ભૂલી ન જશો ! પ્રત્યેક સ્થિતિમાં તમારે પરમાત્માની સાથે રહેવું જોઈએ. ભીષ્મનું ઉદાહરણ જોવો ! શ્રીકૃષ્ણની સ્તુતિ કરતા જાય છે અને યુદ્ધ પણ ! જેની સ્તુતિ કરી રહ્યા છે તેને જ પ્રતિજ્ઞા-સંઘર્ષમાં હરાવવાની જીદ લીધી છે. (ઠાને હુયે હે). જેની સાથે સ્પર્ધા તેની જ સ્તુતિ અને જેની સ્તુતિ એની જ સાથે સ્પર્ધા ! કેવો વિલક્ષણ અભિનય ! પરંતુ ભીષ્મ નિભાવે છે ! આ જ ક્રીડાનું સાચું સ્વરૂપ છે. આવા ચરિત્રથી આપણને ખબર પડે છે કે *''ત્યક્તેન ભુંજીથા''* નો સિદ્ધાંત કયો છે. ભોગવાદ અને વૈરાગ્યવાદ બન્ને અતિવાદી દષ્ટિકોણ છે. ઉપનિષદ્‌નો દષ્ટિકોણ પ્રસાદવાદી છે. ન ભોગ ને ભોગવો અને ન ભોગથી ભાગો - એને પરમાત્માને સમર્પિત કરો. પરમાત્માનું નૈવેદ્ય હંમેશા પાવન થશે. તમે પોતાના ભોગની પહેલા પરમાત્માને સમર્પિત કરો અને પ્રસાદનાં રૂપમાં તેને સ્વીકારો પણ ફરી પરમાત્મા માટે જ. સમર્પિત કર્યા પછી જે પ્રસાદના રૂપમાં તમને પ્રાપ્ત થશે તે ભગવાનનો વાસ્તવિક પ્રસાદ કે પ્રસન્નતા હશે.

★ ત્યાગ અને ભોગના અતિવાદથી દૂર નિવેદન : મહાપ્રભુનું આપેલું

મધ્યકાલમાં અતિવૈરાગ્યવાદના ઝોંકમાં આ સનાતન ઔપનિષદ દષ્ટિકોણ કંઇક અદશ્ય થઈ ગયું હતું. મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યએ પરંતુ, ફરી આ સનાતન શ્રૌત ધર્મની પ્રતિષ્ઠા કરી. ભારતીય ધાર્મિક ચિન્તનમાં આ

શ્રીમહાપ્રભુનું ખૂબ જ મોટું યોગદાન સ્વીકારવું જ પડે છે. ત્યાગ અને ભોગના અતિવાદથી દૂર નિવેદન - સમર્પણ - પ્રસાદવાદની ઉપયોગીતા ફરીવાર સ્થાપિત કરી એક સ્વસ્થ આધાર આપણને પ્રદાન કર્યો. જે કાંઈપણ સામર્થ્ય આપણને ભગવાન્ દ્વારા પ્રાપ્ત થયું છે તે ભગવત્ પ્રસાદ છે. આથી તેનું કે અન્ય કંઇપણ સામર્થ્યનો ઉપયોગ સર્વપ્રથમ પરમાત્માના માટે જ થવો જોઈએ - પહેલા જે કાંઈપણ શ્રેષ્ઠ સુન્દર કે શુચિ આપણી પાસે હોય તેને ભગવાન્ના ભાગમાં વિનિયોગ કરો. આપણા પોતાના અહંકારના હકમાં નહીં અને ન તો કોઈ રાગદ્વૈષાસ્પદ વ્યક્તિના હકમાં. તમને આંખ આપેલી છે તો પહેલા એ આંખોથી ભગવાન્ને જગત્માં શોધવાની કોશિશ કરો. ભગવાન્ને શોધવાવાળી આંખોને ભગવાન્ તો જ્ઞાન કે ભક્તિના પ્રકટ થવા પર જ મળશે. પરંતુ ભગવદીયતા સર્વત્ર શરુઆતમાં પણ જોવા મળી શકે છે. જગત્માં ભગવદીયતાનો બોધ વિભિન્ન વિકૃતિ અને તેમના અસત્ની ભ્રાન્તિ દૂર કરી દેશે. આપણને કાનથી સાંભળવાનું સામર્થ્ય મળ્યું છે. આથી જ્યારે કાંઈ સાંભળવું હોય તો એવી વાત સાંભળો કે તમને ભગવદ્ગુણ સંભળાય, જે તમને ઇષ્ટતમ-પ્રિયતમ વસ્તુ છે - જે કાર્યને સંપન્ન કરવાથી તમારા ચિત્તમાં આનંદનું પ્રાગટ્ય થાય છે - જેને જગત્માં (લોકમાં) સાચું, સારું અને સહજ સમજવામાં આવતું હોય ત્યાંજ તમને મમતા જાગશે આથી એને સર્વપ્રથમ ભગવાન્ને સમર્પિત કરો.

★ સેવા-પ્રણાલી : એક અનુશાસન :

આ સર્વસમર્પણના દિવ્ય સિદ્ધાંતને જીવનમાં પ્રતિષ્ઠિત કરવા માટે શ્રીમહાપ્રભુએ એક કાર્યક્રમ-એક અનુશાસન-અથવા એક જીવન પ્રણાલી આપણને સમજાવી આપણને કહેવામાં આવેલ અનુશાસન આપણી સેવા-પ્રણાલી છે. શ્રીમહાપ્રભુના અનુશાસન અનુસાર સ્વયમ્ ભક્ત થવું એ ઘરમાં રહેવાનો સ્વસ્થ હેતુ નથી પરંતુ ભગવાન ને સાથે ભગવત્સેવા માટે ઘરમાં રહેવું એક ઉત્તમ વાત છે. આપણા ઘર-ગૃહસ્થીનાં બધા ક્રિયાકલાપ આપણા ઘરમાં બિરાજતા ભગવાનની સેવાનું અંગ હોવા જોઈએ. બધા ક્રિયાકલાપોનું અન્તિમ પ્રયોજન ભગવાન્ સ્વયમ્ હોવા જોઈએ. આપણી અહંતા કે મમતાની તુષ્ટિ નહીં. તમે નૌકરી કે વ્યાપાર દ્વારા કમાઓ તમારા મોજ-શોખ માટે નહીં, પરંતુ

આપના ઘરમાં બિરાજતા ભગવાનની સેવા માટે તથા સેવા કરવાવાળા પરિવારના બધા સેવકોને માટે - માત્ર પરિવાર માટે નહીં. તમે લગ્ન કરો એટલા માટે કે નહીં તમને એક પત્નીની અપેક્ષા છે. તમારે લગ્ન એટલા માટે કરવાના છે કે ઘરમાં ભગવત્સેવા માટે જીવનસંગીની કે સહધર્મચારિણીની અપેક્ષા છે. તમારા પછી પણ તમારી દુકાન કે મીલ જેમ આપ ઈચ્છો છો કે તમારા બાળકો ચલાવે ! પુષ્ટિમાર્ગ ઈચ્છે છે કે એવી જ મમતા આપણા ઘરમાં સંપન્ન થતી ભગવત્સેવામાં પણ ઉત્પન્ન થઈ જાય કે તમે ઈચ્છવા લાગો કે તમારી દેહ છૂટયા પછી પણ તમારા ઘરના ઠાકુરની સેવા તમારો દિકરો કરે. લગ્ન તમારે એટલા માટે કરવાના છે. ઘરના બધા લોકો હળીમળીને ઘરના પ્રભુની સેવા કરો છો એનાથી અલગ કોઈ સુખી પરિવારની પરિભાષા પુષ્ટિમાર્ગમાં વિચારી નથી શકાતી.

★ નૂતન આધિદૈવિક દષ્ટિકોણ :

વાત એ જ છે. સમ્બન્ધ સૂત્ર એ જ છે. બધુ જ જેમનું તેમ છે. પરંતુ એક નૂતન આધિદૈવિક દષ્ટિકોણથી બધી બાજુ નજર નાખવી છે. જે વિરકત બને છે. તેમની વિરકતીનું ચક્કર ખૂબ ઉંધુ હોય છે. ઉપનિષદમાં ત્રણ પ્રકારની કામનાઓ (૧) પુત્રૈષણા (૨) વિત્તૈષણા અને (૩) લોકૈષણાનો ત્યાગ કરવાવાળાને વિકરકત કહેવામાં આવે છે. જે લોકો આ ત્રણે પ્રકારની કામનાઓને છોડી દેવાનો દાવો કરે છે તેમના અનેક લોકો શિષ્ય બની જાય છે ! આ શિષ્યોના નિરન્તર સંગને કારણે *''સંગાત્ સંજાયતે કામઃ''* એક નવા પ્રકારની કામના શિષ્યૈષણા ઉત્પન્ન થઈ જાય છે. ત્યારે કહેવાના જે બે-ચાર બેટા-બેટી હતા તે હવે બધા ચેલા-ચેલિઓને ''બેટા-બેટી'' કહીને કુશલ પ્રશ્ન પૂછવો પડે છે. એમના માટે મઠ-આશ્રમોનું નિર્માણ સંચાલન પહેલાથી ઘણું વધારે વિત્તાર્જન સાધ્ય હોય છે. લોક સંગ્રહાર્થ એવી રીતે અનેકવિધ શ્રમ કરવા પર એ જ ત્રણે પુત્રૈષણા, વિત્તૈષણા અને લોકૈષણા માત્ર એક શિષ્યૈષણાના રૂપમાં બહાર આવે છે. (છલ જાતી હૈ) ! વર્તમાનમાં તો શિષ્યૈષણાના ચક્કરમાં આયકરથી મઠ-આશ્રમને મુક્તિ દેવડાવવાના સરકારી ચક્કરોનાં વ્યાજ ખૂબ વધારે ચૂકવવા પડે છે ! પુત્ર, વિત્ત અને લોકના ત્યાગથી પુત્રૈષણા, વિત્તૈષણા કે લોકૈષણાઓ છુટતી નથી અને શિષ્યૈષણાના રૂપમાં એનો અદમ્ય વિસ્ફોટ મળે

છે.

ભોગ છૂટતો નથી - ભોગની વૃત્તિ છુટતી નથી - ભોગના આ અથવા તે વિષયને છોડવાથી અંતે વૈરાગ્ય સિદ્ધ નથી થતો. ગીતામાં ભગવાન કહે છે કે વિષયોપભોગની બાહ્ય ક્રિયાના સંયમથી વાસ્તવિક સંયમ ઘટિત નથી થતો. મનથી વિષયોની સ્મૃતિ ક્ષીણ નથી થતી - વિષયોપભોગથી ઉત્પન્ન થતા સુખની તુષ્ટિનો બોધ ક્ષીણ નથી હોતો. તત્તદ્ ઈન્દ્રિયોના વિષય આ રીતે કર્મેન્દ્રિયોને સંયત કરવાવાળા વિરક્તને ઠગી લે છે. *''કર્મેન્દ્રિયાણિ સંયમ્ય ય આસ્તે મનસા સ્મરન્ ઈન્દ્રિયાર્થાન્ વિમૂઢાત્મા મિથ્યાચારઃ સ ઉચ્યતે.''*

સંસ્કૃતમાં એક મજેદાર કહેવત (સૂક્તિ) છે - ''ભોગાઃ ન ભુકતાઃ વયમેવ ભુક્તાઃ'' ભોગોને ભોગવવા કે ભોગોથી ભાગવું બન્ને સ્થિતિમાં તમે ભોગના ગુલામ બની જાવ છો - ભોગભીત બની જાવ છો - ભોગ જ કયારેક તમારો ઉપભોગ કરી લે છે. જ્યોતિષી લોકો જેમ શનિની સાડીસાતીની કથા કહે છે તેવી જ કથા ભોગની પણ છે.

એક વખત ભગવાન શંકર પર તેમની રાશિના હિસાબથી સાડીસાતીની દશા બેસવાની હતી. શનૈશ્ચરે જઈને મહાદેવને આ વિષે કહ્યું. શંકર ભગવાને કહ્યું - ''કોઈ ચિન્તાની વાત નથી તું તારો પ્રભાવ દેખાડ અને હું તેનો પ્રતિકારનો ઉપાય કરીશ !'' શનિ તો વિદાઈ થઈ ગયો. પરંતુ પરિવારમાં પોતાના સર્પોને, કાર્તિકેયના મયૂરોથી પ્રાણભય તથા ગણેશના ઉંદરોને પોતાના સર્પોથી પ્રાણભય - એવી જ રીતે પોતાના નન્દીને દેવીના સિંહથી પ્રાણભય અને સાડીસાતીની દશા બેસવાથી કલહ વગેરેની સંભાવનાનો વિચાર કરવાથી પરેશાની વધવા લાગી તો બધાથી ઉત્તમ અને અંતમાં એ જ સારું લાગ્યું કે બધું જ છોડીને સાડાસાત વર્ષ કૈલાશના શિખર ઉપર એકતાન સમાધિ જ લગાવવી યોગ્ય થશે. આ રીતે ભગવાન શંકરે સાડાસાત વર્ષ જ્યારે દિવ્ય સમાધિની અવસ્થામાં વ્યતીત કરી દીધા ત્યારે એક દિવસ શનિદેવ ભગવાન્ શંકરના ચરણોમાં પડીને વિદાઈ માંગવા આવ્યા તો મહાદેવે હસીને પૂછયું - ''કહે ! તારા બધા પ્રભાવોને ક્ષીણ કરી દીધો કે નહીં ?'' શનિદેવે કહ્યું - ''મહારાજ ! ક્ષમા કરજો, સાડા સાત વર્ષ સુધી પત્ની-પુત્ર-સેવક બધાના સુખથી વંચિત કરી દીધા તેથી મારું કાર્ય સિદ્ધ થઈ ગયું ! તમે સર્વસમર્થ છો તો આને સમાધિ સુખ માની લો.''

★ ભોગ : શનૈશ્ચર :-

શનિને આથી શનૈશ્ચર - ઘણું ધીમે ધીમે વિચરણ કરવાવાળો માનવામાં આવે છે. ભોગોનું સ્વરૂપ પણ શનૈશ્ચરનું જ હોય છે. ઈન્દ્રિયોના બાહ્ય ક્રિયાકલાપોના બધા દ્વાર બંધ કરી દેવા છતા પણ મનનાં જાણે કેવી રીતે છુપાયેલા દ્વારોથી ભોગવૃત્તિ આપણી અન્દર દાખલ થઈ જાય છે. ભોગોથી ભાગવાની અથવા ભોગોને ભોગવવાની પ્રક્રિયામાં ભોગવૃત્તિનો શિકાર બનતા રહીએ છીએ. ઘણું છાનુ છાનુ ધીરે ધીરે ભોગવૃત્તિ આપણી અન્દર છોડવાથી ફરી પાછી દાખલ થઈ જાય છે ! ભોગ આ અર્થમાં શનૈશ્ચર છે - જેમ શિષ્યૈષણા.

★ ઉપભોગમાં પરમાત્માની સ્મૃતિ :

શ્રીમહાપ્રભુ આથી સમજાવે છે કે ભાગવાથી કે ભોગવવાથી ભોગની ચિકિત્સા સંભવ નથી. એને ભગવાનને સમર્પિત કરી દો - ભોગોના ઉપભોગમાં પરમાત્માની સ્મૃતિ બનાવી રાખો - ભોગોથી ભાગવું હોય તો ભગવાન્‌ની તીવ્ર વિરહાનુભૂતિમાં જ. વિષયોથી ભયભીત થઈને કે વિષયોની તરફ ઘૃણાદ્વૈષ રાખીને નહીં - પરંતુ ભગવાનની તરફ પરમાનુરાગ અને એનાથી ઉત્પન્ન થતી તીવ્ર વિરહાનુભૂતિને વશ જ ભાગી પણ શકાય છે.

★ શુદ્ધ અદ્વૈત : ઐચ્છિક દ્વૈત :

જીવનનાં પ્રત્યેક ક્રિયાકલાપમાં પરમાત્માનો સંબંધ દેખાવો જોઈએ - જીવનમાં અનુભૂત થતા બધા દ્વૈતોની સાથે સાથે એક પરમાત્માના અદ્વૈતની અનુભૂતિ પણ સમ્પન્ન થઈ જાય તો દ્વૈત ભયાવહ નથી રહેતો. દ્વૈતની સાથે-સાથે અદ્વૈતની અનુભૂતિમાં નીરસતા પણ નથી રહેતી. માત્ર અદ્વૈત નીરસ હોય છે આથી સરસતાને માટે દ્વૈત અપેક્ષિત છે. માત્ર દ્વૈત ભયજનક હોય છે આથી નિર્ભયત માટે અદ્વૈત અપેક્ષિત છે. માત્ર અદ્વૈત ભોગથી ભાગવાની વૃત્તિમાં ઉછરે છે અને માત્ર દ્વૈતમાં ભોગને ભોગવવાની વૃત્તિ ઉછરી શકે છે. શુદ્ધાદ્વૈત આપણી સામે સમાધાન પ્રસ્તુત કરે છે - પરમાત્માના સ્વાભાવિક અદ્વૈતમાં પરમાત્માની ઈચ્છાથી પ્રાદુર્ભૂત ઐચ્છિક દ્વૈતની અનુભૂતિ પરમાત્માને વિસ્મૃત કર્યા વિના જો

ઘટિત થાય તો કામ થઈ ગયું !

★ સાચો સદુપયોગ : ભગવત્સેવામાં સમર્પણ

આનો આરંભ જીવનના પ્રત્યેક સૂત્રમાં પરમાત્માને પરોવવા ઉપર સંભવ છે. ઘરમાં રસોઈ બનાવીએ પરમાત્માને ભોગ ધરવા માટે ચિત્રકારીની રુચિ ભગવાન્ની દિવ્ય લીલાઓના ચિત્ર બનાવવામાં સન્તુષ્ટ થાય. ભગવાન્ના રૂપને જોવામાં નયનોની રૂપ-દર્શન-લાલસા સન્તુષ્ટ થાય. ગાવાનો શોખ ભગવાન્ના ગુણગાનથી પૂરો કરવામાં આવે. ભગવાને જે સામર્થ્ય આપ્યું છે જોવું, સાંભળવું, ગાવું, સુંઘવું, ચાલવું-ફરવું, વિચારવું, સ્મરણ કરવું વગેરેની તેમના વ્યર્થ વિરક્તિવશ ત્યાગ કરવાથી કામ નહીં ચાલે. અને ન એના વ્યર્થ વિષયોપભોગ દ્વારા દૂરપયોગથી કોઈ લાભની સંભાવના છે. અપેક્ષા આ સામર્થ્યોના સદુપયોગની છે. સાચો સદુપયોગ કોઈપણ વસ્તુ કે સામર્થ્યનો ભગવાનની સેવામાં સમર્પિત કરી દેવામાં જ નિહિત છે.

★ પ્રેમાવૃત્ત ચિત્ત ભગવાન્ને શોધી લેશે :

આંખો દ્વારા જે આપણને જોવાનું સામર્થ્ય મળ્યું છે તેનો દુરુપયોગ જેવી રીતે ક્ષુદ્ર રૂપદર્શન કરવાથી થઈ જાય છે તેવી જ રીતે તેનો નિરૂપયોગ આંખોને ફોડવાથી કે બંધ કરી દેવાથી થઈ જશે. જોવાના સામર્થ્યનો સદુપયોગ ભગવાનના વિવિધરૂપ ઉપરાંત લીલાઓના દર્શનમાં ચરિતાર્થ થશે. આંખોને ફોડવાથી વિરક્તિ સિદ્ધ નહીં થાય અને ન તો રૂપખન્ડનથી. બ્રહ્મ જો નિરૂપ-નિરાકાર હોય તો આ રૂપદર્શી આંખોનું કોઈ કાર્ય કે અર્થ જ નથી રહી જાતો. રૂપદર્શનનું સામર્થ્યના નિરૂપયોગ કે દુરુપયોગ કરવાથી સામર્થ્યદાતા પરમાત્માની પ્રસન્નતા સ્વીકારી નથી શકાતી. સામર્થ્યનું અહંકારવશ અનુપયોગ સામર્થ્યના દાતા પરમાત્માની અવહેલના છે. સામર્થ્યનો મમતાવશ દુરુપયોગ ઉપરના કહેલ સામર્થ્યના દાનની અવહેલના છે. ભગવત્સેવામાં વિનિયોગ કે ભગવદર્થ વિનિયોગ ઉકત સામર્થ્યનો સાચો સદુપયોગ ઉપરાંત દાતા અને દાનનું સાચુ સન્માન છે. આંખોને ફોડવાની જરૂરત નથી, આંખોથી ભગવાન્ના દર્શનની જરૂરત છે. આથી સાચા કામની પરિભાષા - ''કામો હરિદિદૃક્ષૈવ'' કહીને

પુષ્ટિમાર્ગમાં દેવામાં આવે છે. હરિદર્શનની કામના જ પુષ્ટિમાર્ગમાં દેવામાં આવે છે. હરિદર્શનની કામના જ પુષ્ટિજીવનમાં વાસ્તવિક કામ છે. હરિની કામના જ કામ છે. તે આંખોથી હોય કે કાનોથી. નાકથી હોય કે જીભથી – સ્પર્શથી હોય કે બીજા પ્રકારથી. અહમ્‌થી હય કે ચિત્તથી બુદ્ધિથી હોય કે મનથી. લાલસા જ્યારે હરિને વિષે હશે તો તે પ્રદત્ત સામર્થ્યના સદુપયોગની તરફ લઈ જાવાવાળી હશે. તે ભગવત્પ્રેમસ્વરૂપા હશે. શ્રીમહાપ્રભુ કહે છે કે ચિત્તમાં એક વખત ભગવત્પ્રેમનું સમ્પાદન થવું જોઈએ પછી પ્રેમાવૃત ચિત્ત સર્વત્ર બિરાજમાન ભગવાન્‌ને સ્વયમ્ જ શોધી લેશે.

★ ઘરમાં પણ ભગવત્કેન્દ્રિત થવું સંભવ :

પરમાત્માની આ રીતની શોધમાં વન અને ઘરનો ભેદ નથી – મહેલ અને ઝુંપડીનો ભેદ નથી. સમ્પતિ કે વિપતિનો ભેદ નથી – ઉંચ કે નીચનો ભેદ નથી, પ્રત્યેક જે કાંઈ છે – તે જેવા પણ છે – જ્યાં પણ છે ત્યાં ભગવત્કેન્દ્રિત થઈ શકે છે. આપણા સાંસારિક ક્રિયાકલાપોમા આપણા સંસારમાં પરમાત્માની પ્રતિષ્ઠા કરીને – આપણા ઘરમાં આપણા ઠાકુરને પધરાવીને – તેની સેવા દ્વારા ભગવદર્થ વિનિયોગાર્હ બનાવી શકે છે. પોતાની જાતને ભગવદ્‌ભાવથી ઓતપ્રોત કરવું જ ગૃહસેવાનું અંતિમ પ્રયોજન છે. પુષ્ટિમાર્ગમાં ગૃહસેવાનો અર્થ છે. સ્વગૃહમાં સ્થિત ભગવાન્‌ના સ્વરૂપની સેવા ભગવાન્ કૃષ્ણ પરબ્રહ્મ પરમાત્મા હોવાના કારણે વ્યાપક હોઈ શકે છે. પરન્તુ તેમને પુષ્ટ-કૃપાશીલ ત્યારે જ માનવામાં આવે છે જ્યારે તેઓ કોઈ એક ભક્તના ગૃહમાં નિરુદ્ધ થઈ જાય. ભગવાન્ જ્યારે ભક્તના ઘરમાં નિરુદ્ધ થઈ જાય છે અને ઘરના બધા ક્રિયા-કલાપ ભગવાન્‌માં નિરુદ્ધ થઈ જાય છે તો ભક્તનો સંસાર બ્રહ્માત્મક પરમાનન્દરૂપ મોક્ષના આનન્દથી પણ ઉત્કૃષ્ટ ભજનાન્દ પ્રદાન કરવાવાળો બની જાય છે.

★ સામર્થ્યોના ભગવદ્‌વિનિયોગથી ભજનાનન્દની અનુભૂતિ :

ભોગમાં ક્ષુદ્ર વિષયાનન્દની અનુભૂતિ થાય છે. ભોગ દ્વારા મોક્ષ મળવાથી પરિગણિત બ્રહ્માનન્દની અનુભૂતિ થઈ શકે છે. પણ અગણિત બ્રહ્માનન્દની અનુભૂતિ થઈ શકે છે. પણ અગણિત ભજનાનન્દની અનુભૂતિ ભોગ અને ત્યાગ બન્નેથી બચીને પોતાનો સામર્થ્યોનું ભગવદ્‌વિનિયોગ કરવાથી જ સંભવ છે. આ મહાપ્રભુ શ્રીમદ્‌વલ્લભાચાર્યચરણે આપણને સમજાવ્યું છે.

★★★